dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-216 | AD-2026, Vaishakh Vad -11 | Wednesday, Dt.13-05-2026 | Editor: Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અંદાજે ૨૨.૭૯ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી

# દેશભરમાં લેવાયેલ NEET પરિક્ષા આખરે રદ

નવી દિલ્હી,તા.૧૨

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા ગત ૩ મેના રોજ લેવાયેલી NEET ની પરીક્ષા પેપર લીક થવાના ગંભીર આરોપોને પગલે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર કેસની તપાસ CBI ને સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે દેશભરમાંથી અંદાજે ૨૨.૭૯ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી, જેમના ભવિષ્ય પર હવે અનિશ્ચિતતાના વાદળો છવાયા છે. જોકે, NTA એ સ્પષ્ટતા કરી છે કે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓએ ફરીથી નોંધણી કરાવવાની જરૂર રહેશે નહીં અને તેમના પરીક્ષા કેન્દ્રો પણ યથાવત રાખવામાં આવશે. વિદ્યાર્થીઓને નવા એડમિટ કાર્ડ જારી કરવામાં આવશે અને અગાઉ ભરેલી ફી પણ પરત કરવાની ખાતરી આપવામાં આવી છે. મીડિયાના અહેવાલ મુજબ,આ પેપર



લીકનું મુખ્ય કેન્દ્ર રાજસ્થાનનું જયપુર હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં એવું ખૂલ્યું છે કે પ્રશ્નપત્ર છપાય તે પહેલાં જ નકલ ગેંગ પાસે પહોંચી ગયું હતું. રાજસ્થાનના અનેક વિદ્યાર્થીઓ પાસેથી હાથથી લખેલા 'ગેસ પેપર' મળી આવ્યા હતા, જેમના પ્રશ્નો મૂળ પરીક્ષાના પ્રશ્નો સાથે આબેહૂબ મળતા આવતા હતા. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ આ મામલે ત્વરિત કાર્યવાહી કરતા દેહરાદૂન, સીકર અને ઝુનઝુનુમાંથી ૧૫ જેટલા શંકાસ્પદોની અટકાયત કરી છે. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર મનીષ નામનો વ્યક્તિ હોવાનું મનાય છે, જેણે પ્રશ્નો લીક કરીને એક આખી 'ક્વેશ્ચન બેંક' તૈયાર કરી હતી. સીકરના એક પીજી સંચાલક દ્વારા આ પેપર વિદ્યાર્થીઓ સુધી ફેલાવવામાં આવ્યું હતું, જેમાં કેરળના એક MBBS વિદ્યાર્થીની સંડોવણી પણ સામે આવી છે.

### એસઓજીએ પેપર ફોડનારની તપાસ શરૂ કરી

હાલમાં એસઓજી દ્વારા પેપર લીક મામલે સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે જેમાં મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે કડીઓ જોડવામાં આવી રહી છે. તપાસ એજન્સી શંકાસ્પદ વ્યક્તિઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ચેટ્સ અને કોલ લોગ્સની ઝીણવટભરી તપાસ કરી રહી છે જેથી આ કૌભાંડના મૂળ સુધી પહોંચી શકાય. જોકે આ બાબત ગેસ પેપર તરીકે વહેતી થઈ હોવાથી તેને સત્તાવાર રીતે પેપર લીક ગણવું કે નહીં તે અંગે મૂંઝવણ છે. એસઓજી તમામ ટેકનિકલ પુરાવાઓ એકત્ર કરી રહી છે જેથી સત્ય બહાર આવે અને જવાબદારો સામે કડક કાર્યવાહી થઈ શકે.

### પેપર લીક મામલે કોંગ્રેસના ભાજપ પર પ્રહારો

કોંગ્રેસે પેપર લીકની ગંભીર ઘટનાઓ અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે આ પ્રકારની બેદરકારીથી દર વર્ષે લાખો તેજસ્વી વિદ્યાર્થીઓના સપનાઓ ચકનાચૂર થઈ રહ્યા છે. પાર્ટીનો સીધો આક્ષેપ છે કે ભાજપ સરકારના નેતાઓને સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓની વેદના સમજાતી નથી કારણ કે તેમના પોતાના સંતાનો વિદેશની સુરક્ષિત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. કોંગ્રેસના મતે નરેન્દ્ર મોદીના શાસનમાં દેશની પરીક્ષા પ્રણાલી સંપૂર્ણપણે પડી ભાંગી છે અને આ વ્યવસ્થા હવે યુવાનોના ભવિષ્ય માટે જોખમી બની ગઈ છે. જ્યારે પરીક્ષાઓની વિશ્વસનીયતા જોખમમાં મૂકાય છે ત્યારે માત્ર વ્યક્તિગત કારકિર્દી જ નહીં પરંતુ સમગ્ર દેશનો પાયો નબળો પડે છે તેવું ગંભીર વિધાન પણ વિપક્ષ દ્વારા કરવામાં આવ્યું છે.

# પ.બંગાળના પૂર્વ મંત્રીની નગરપાલિકા ભરતી કૌભાંડમાં ઈડીએ કરી ધરપકડ

**પાલિકામાં ૧૫૦ લોકોની ભરતી કરાવી રોકડ અને આલીશાન ફ્લેટની લાંચ લીધી હતી**

કોલકાત્તા,તા.૧૨

પશ્ચિમ બંગાળના રાજકારણમાં નગરપાલિકા ભરતી કૌભાંડને લઈને ભારે ખળભળાટ મચી ગયો છે. તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી સુજીત બોઝની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કલાકોની પૂછપરછ બાદ ધરપકડ કરવામાં આવી છે. સુજીત બોઝ સોમવારે સવારે તેમના પુત્ર સમુદ્ર બોઝ સાથે તપાસ એજન્સી સમક્ષ હાજર થયા હતા. લગભગ ૧૦ કલાક સુધી ચાલેલી સઘન પૂછપરછમાં સંતોષકારક જવાબો ન મળતા અધિકારીઓએ રાત્રિના સમયે તેમની કસ્ટડી લીધી હતી. તેમના પર આરોપ છે કે વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ દરમિયાન જ્યારે તેઓ




સાઉથ દમદમ નગરપાલિકાના ઉપાધ્યક્ષ હતા, ત્યારે તેમણે આશરે ૧૫૦ જેટલા લોકોની ગેરકાયદેસર રીતે ભરતી કરાવી હતી. આ ભ્રષ્ટાચારના બદલામાં તેમણે કથિત રીતે રોકડ રકમ અને આલીશાન ફ્લેટની લાંચ સ્વીકારી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. નોંધનીય છે કે સુજીત બોઝ બિધાનનગરથી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે, પરંતુ તાજેતરની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સામે તેમનો પરાજય થયો હતો. ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેમને અનેકવાર નોટિસ પાઠવવામાં આવી હતી, પરંતુ તેમણે કોર્ટમાં રાહત માંગી હતી. આખરે પુરાવાઓના આધારે એજન્સીએ આ કડક કાર્યવાહી કરી છે.

# દેશમાં આ વર્ષે વહેલુ ચોમાસુ બેસશે, કેરળમાં ૨૭મે એ આગમન થાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા.૧૨

ભારતીય હવામાનમાં અત્યારે બે વિપરીત પરિસ્થિતિઓ એકસાથે જોવા મળી રહી છે. એક તરફ દેશના મેદાની વિસ્તારો પ્રચંડ ગરમી અને હીટવેવનો સામનો કરી રહ્યા છે, તો બીજી તરફ ચોમાસાના આગમન અંગેના આનંદદાયક સમાચાર પ્રાપ્ત થયા છે. સામાન્ય રીતે કેરળના દરિયાકાંઠે ૧ જૂનની આસપાસ પહોંચતું ચોમાસું આ વખતે તેના નિર્ધારિત સમય કરતાં ચાર દિવસ વહેલું એટલે



કે ૨૫ થી ૨૭ મેની વચ્ચે દસ્તક આપે તેવી પ્રબળ સંભાવના છે. બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં સર્જાયેલી લો પ્રેશર સિસ્ટમ આગામી ૪૮ કલાકમાં વધુ મજબૂત બનશે, જે ચોમાસાના પવનોને ઝડપથી આગળ વધારવામાં મદદરૂપ સાબિત થશે. જ્યારે દક્ષિણ ભારતમાં વરસાદની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે ઉત્તર અને મધ્ય ભારત ગરમીમાં શેકાઈ રહ્યું છે. રાજસ્થાનનું બાડમેર ૪૭.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે દેશનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. ગુજરાત અને મધ્ય પ્રદેશમાં પણ પારો ૪૫ ડિગ્રીની આસપાસ રહેતા જનજીવન પ્રભાવિત થયું છે. જોકે, ઉત્તર પ્રદેશ, બિહાર અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહીથી ગરમીમાં આંશિક રાહત મળી શકે છે. હિમાચલ પ્રદેશમાં તો તેજ પવનોને કારણે નુકસાનના અહેવાલો પણ મળ્યા છે. આગામી દિવસોમાં ઓડિશા અને પૂર્વોત્તર રાજ્યોમાં પણ ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદની સંભાવના હોવાથી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આમ, દેશમાં અત્યારે ક્યાંક આકરી લૂ તો ક્યાંક વાવાઝોડા સાથે વરસાદી માહોલ એમ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

### મુખ્યમંત્રી શર્માની સાથે અન્ય ચાર ધારાસભ્યોએ પણ મંત્રી તરીકે શપથ લીધા, પીએમ મોદી સહિત એનડીના ટોચના નેતાઓ હાજર રહ્યાં

# હિમંત બિસ્વા શર્માએ સતત બીજીવાર આસામના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

ગુવાહાટી, તા.૧૨

આસામના રાજકીય ઈતિહાસમાં આજે એક નવો અધ્યાય લખાયો છે. ભાજપના દિગ્ગજ નેતા હિમંત બિસ્વા શર્માએ સતત બીજા કાર્યકાળ માટે આસામના મુખ્યમંત્રી તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા છે. આ સાથે તેઓ આસામમાં સતત બે ટર્મ સુધી મુખ્યમંત્રી પદ સંભાળનારા પ્રથમ બિન કોંગ્રેસી નેતા બની ગયા છે. ગુવાહાટીના ખાનપરા સ્થિત





વેટરનરી કોલેજ ગ્રાઉન્ડમાં યોજાયેલા ભવ્ય શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ તેમને શપથ લેવડાવ્યા હતા.

મુખ્યમંત્રી શર્માની સાથે અન્ય ચાર ધારાસભ્યોએ પણ મંત્રી તરીકે શપથ લીધા છે. જેમાં ભાજપના અજંતા નિયોગ અને રામેશ્વર તેલી, આસામ ગણ પરિષદ (AGP) ના પ્રમુખ અતુલ બોરા અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ (BPF) ના ચરણ બોરોનો સમાવેશ થાય છે. રામેશ્વર તેલી અગાઉ કેન્દ્રીય મંત્રી રહી ચૂક્યા છે અને ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી દ્વારા ફરી રાજ્યના રાજકારણમાં સક્રિય થયા છે.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત એનડીએના ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, રાજનાથ સિંહ અને નીતિન ગડકરી તેમજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને પશ્ચિમ બંગાળના નેતા સુવેન્દુ અધિકારી જેવા અનેક દિગ્ગજોએ આ સમારોહની શોભા વધારી હતી. આશરે ૧ લાખથી વધુ લોકોની જનમેદની આ ઐતિહાસિક ક્ષણની સાક્ષી બની હતી.

# તમિલનાડુમાં AIADMKનું બે જૂથમાં વિભાજન, એક જૂથનું TVKને સમર્થન

ચેન્નાઈ,તા.૧૨


તમિલનાડુમાં AIADMK બે જૂથોમાં વિભાજીત થઈ ગયું છે. પાર્ટીના નેતા સીવી ષણમુગમે સત્તાવાર રીતે CM વિજયની પાર્ટી, તમિલનાડુ વેત્રી કઝગમ (TVK)ને સમર્થન આપવાની જાહેરાત કરી છે. અહેવાલ છે કે ૩૦ ધારાસભ્યોએ પણ વિજયને સમર્થન આપવા સંમત છે. મંગળવારે સવારે, ષણમુગમે એક નિવેદન આપતા કહ્યું, અમે જનાદેશનો સ્વીકાર કરીએ છીએ. આ જનાદેશ વિજય માટે છે, TVK માટે નહીં. તેથી, અમે TVK સરકારને અમારું સમર્થન આપીએ છીએ.











અમરેલી ખાતે 'આર્ટ ઓફ લિવિંગ' દ્વારા

# વસંત મોવલિયા અને સાગર મહેતા અનસંગ હીરોજ એવોર્ડથી સન્માનિત






અમરેલી,તા.૧૨

અમરેલીના પંચવટી ફાર્મ ખાતે વિશ્વની સૌથી મોટી આધ્યાત્મિક સંસ્થા 'આર્ટ ઓફ લિવિંગ' ના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજી ના ૭૦મા જન્મદિન તથા સંસ્થાના ૪૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે પંચવટી ફાર્મ, ચિત્તલ રોડ, અમરેલી ખાતે વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આર્ટ ઓફ લિવિંગ પરિવારજનો, આગેવાનો, મહાનુભાવો તથા નાગરિકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી હતી. આર્ટ ઓફ લિવિંગ પરિવારની શોર્ટ ફિલ્મ દ્વારા કાર્યક્રમનો શુભારંભ થયો હતો. અમરેલીના યોગ ટીચર ઉમેશભાઈ દુધાતે સ્વાગત પ્રવચન કર્યુ હતું.જ્યૂરી વાસુદેવ સોઢા અને પ્રો.જે.ડી. સાવલિયા,પ્રતિષ્ઠીત વ્યક્તિ ભુપતભાઈ ભુવા અને કેતનભાઈ ધોળકિયા તેમજ એવોર્ડ વિજેતા વસંતભાઈ મોવલિયા અને સાગર મહેતા તેમજ ઉપસ્થિત વરિષ્ઠ આગેવાનોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરેશભાઈ દેસાઈ, ડો.જી.જે.ગજેરા, રમેશભાઈ કાથરોટિયા, મેહુલભાઈ ધોરાજીયા, અનિલભાઈ મેતલિયા, ડો.ભાવેશભાઈ મહેતા, ઋજુલભાઈ ગોંડલિયા, બકુલભાઈ ભટ્ટ,કાળુભાઈ સુહાગિયા, ચતુરભાઈ ખુંટ,દયાળભાઈ સંઘાણી,મુકેશભાઈ કોરાટ સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજ અને વ્યવસાય ક્ષેત્રે નોંધપાત્ર સેવાઓ બદલ જાણીતા બિઝનેસમેન વસંતભાઈ બાવાલાલભાઈ મોવલિયાને "અનસંગ બિઝનેસ કેટેગરી હીરો એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ યુવા ક્ષેત્રે પ્રેરણાદાયી કામગીરી બદલ સાગરભાઈ મહેતાને "અનસંગ યૂથ કેટેગરી હીરો એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો હતો. એવોર્ડ પ્રાપ્ત કરનાર બંને મહાનુભાવોને ઉપસ્થિત આગેવાનો અને મહેમાનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.વસંતભાઈ મોવલિયા એ પોતાનો પ્રતિભાવ લાગણીસભર શબ્દોમાં વ્યક્ત કરીને આર્ટ ઓફ લિવિંગ પરિવાર અને ગુરુજીનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન ગુરુદેવના જીવનમૂલ્યો, માનવસેવા, યોગ, ધ્યાન અને જીવનમાં સકારાત્મકતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને ગુરુજીના ૭૦ વર્ષ પૂર્ણ થવા નિમિતે ૭૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ અને આધ્યાત્મિક માહોલ વચ્ચે સંપન્ન થયો હતો. કાર્યક્રમના અંતે સૌ માટે શીતલ આઈસ્કીમ તરફથી આઈસ્કીમની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આર્ટ ઓફ લિવિંગ અમરેલી પરિવાર દ્વારા ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ભરત બાવીશીએ કર્યું હતું.કાર્યક્રમને સફળ બનાવવા આર્ટ ઓફ લિવિંગ પરિવારની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

# બાબરાના ખાખરીયા ગામે બંધ મકાનમાંથી રૂ.૧૮.૬૦ લાખની ચોરી

બાબરા, તા. ૧૨

બાબરા તાલુકાના ખાખરીયા ગામે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. પરિવાર સુરત ખાતે પ્રસંગમાં ગયો હોવાનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી સોનાના દાગીના અને રોકડ રકમ સહિત કુલ રૂ. ૧૮,૬૦,૦૦૦ ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે જાદવભાઈ સવજીભાઈ નારોલા (ઉ.વ. ૮૦) એ અજાણ્યા ચોર ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના પૌત્રની સગાઈના પ્રસંગમાં હાજરી આપવા માટે પરિવાર સાથે સુરત ગયા હતા. આ દરમિયાન ઘર બંધ હતું. તારીખ ૧૦/૦૫/૨૦૨૬ ના સવારના આશરે સાડા દસ વાગ્યા સુધીના સમયગાળામાં કોઈ અજાણ્યા તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાના તાળા-નકુચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરની અંદરના રૂમના તાળા તોડી, કબાટ અને તિજોરીના લોક તોડી નાખ્યા હતા. તિજોરીમાં રાખેલ કિંમતી ઘરેણાં અને રોકડ રકમની ચોરી થઈ હતી. ચોરીમાં ગયેલ મુદ્દામાલમાં સોનાની માળા, સોનાનો હાર, બે સોનાની વીંટી, કાનની સોનાની પોખાની, બે સોનાની સુડલી તથા કપાસ અને સિંગના વેચાણના રાખેલા રૂ. ૩,૦૦,૦૦૦ રોકડા મળી કુલ રૂ.૧૮.૬૦ લાખની મતાનો સમાવેશ થાય છે. બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. આર. પરમારે અજાણ્યા શખ્સોને ઝડપી પાડવા માટે અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# લાઠી તાલુકાનો સ્વાગત કાર્યક્રમ તા.૨૬એ યોજાશે

અમરેલી, તા.૧૨

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી ૨૬ મે,ના રોજ યોજાશે. આ કાર્યક્રમ લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે સવારે ૧૧ કલાકે આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ તાલુકાના નાગરિકોની ફરિયાદો અને રજૂઆતોનું નિવારણ લાવવાનો છે. આનાથી સ્થાનિક પ્રશ્નોનો સ્થળ પર જ ઉકેલ લાવી શકાશે.




# બાબરકોટની ફોરેસ્ટ જમીન મામલે હીરા સોલંકીએ વનમંત્રીને પત્ર પાઠવ્યો

જાફરાબાદ,તા.૧૨

જાફરાબાદના બાબરકોટ ગામની ૭૦ હેક્ટર રિઝર્વ ફોરેસ્ટની જમીન ખાનગી કંપનીને માઈનિંગ માટે સોંપવાની હિલચાલથી સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ ગંભીર મુદ્દે રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાને પત્ર લખી ઉગ્ર રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે આ વિસ્તાર એશિયાટિક લાયન એટલે કે સિંહોનો કાયમી વસવાટ ધરાવે છે અને જો અહીં માઈનિંગની મંજૂરી અપાશે તો સિંહોનું કુદરતી રહેઠાણ છીનવાઈ જશે. વન્ય પ્રાણીઓ રહેઠાણ ગુમાવતા માનવ વસાહતો તરફ વળશે જેનાથી ભવિષ્યમાં માનવ-પ્રાણી સંઘર્ષ વધવાની પ્રબળ શક્યતા છે. વન વિભાગના ઉચ્ચ અધિકારીઓનું ભેદી મૌન અનેક તર્ક-વિતર્ક સર્જી રહ્યું છે.

# સા.કુંડલાના આંબરડી ગામે ઘાસના શેડમાં આગ લાગતા અફરાતફરી

સાવરકુંડલા,તા.૧૨




તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના આંબરડી ગામે આજે વહેલી સવારે એક આકસ્મિક આગની ઘટના બની હતી. ગામના રહેવાસી બિપિનભાઈ નસીતના પશુઓના નીરણ માટે બનાવેલા શેડમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, આ ભીષણ આગનું મુખ્ય કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાય છે. આગના ધુમાડાના ગોટેગોટા દેખાતા જ સાવરકુંડલા ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી સતત પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ પશુ કે માનવીને જાનહાનિ થઈ નથી, પરંતુ ઘાસચારો અને શેડ બળીને ખાખ થઈ જવાથી મોટું આર્થિક નુકસાન થયું છે.

# આજે રાજુલામાં મુખ્ય મંત્રીના હસ્તે 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'નું લોકાર્પણ

રાજુલા,તા.૧૨





રાજુલા વિસ્તારના જરૂરિયાત મંદ લોકો માટે સ્વાસ્થ્ય સેવાના નવા યુગનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ દ્વારા સ્થાપિત અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા સંચાલિત 'શ્રી મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'નું ભવ્ય લોકાર્પણ આજે બુધવારે સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે. અંદાજે રૂ.૨૨ કરોડના ખર્ચે નિર્મિત આ અત્યાધુનિક હોસ્પિટલનું ઉદ્ઘાટન વિશ્વ વંદનીય સંત પૂજ્ય મોરારીબાપુના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સહિત અનેક રાજકીય મહાનુભાવો અને સંતો-મહંતો ઉપસ્થિત રહેશે.આ હોસ્પિટલની વિશેષતા એ છે કે અહીં દર્દીઓ પાસેથી એક પણ રૂપિયો લીધા વિના નિદાન, દવાઓ અને જટિલ સર્જરી સહિતની તમામ સેવાઓ ૧૦૦% નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે. માજી ધારાસભ્ય અંબરીષભાઈ ડેર, લોકસાહિત્યકાર માયાભાઈ આહીર અને દાતાઓના સહયોગથી આ સેવા પ્રોજેક્ટ સમગ્ર પંથક માટે આશીર્વાદરૂપ બનશે.









**શ્વાનના ત્રાસથી ખેતમજૂરો ખેતરે જતા પણ ફફડી રહ્યા છે ત્યારે તંત્રની કામગીરી સામે રોષ**

# વડીયાના ખાન ખીજડિયા ગામે શ્વાનોએ બાળકીને ફાડી ખાતા મોત

વડીયા,તા.૧૨

વડીયા તાલુકા હેઠળ આવતા ખાન ખીજડિયા ગામમાં કમકમાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં રખડતા શ્વાનોના જીવલેણ હુમલામાં એક સાત વર્ષની નિર્દોષ બાળકીનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે અને સ્થાનિક લોકોમાં તંત્રની નિષ્ક્રિયતા સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. વિગતો મુજબ, ખાન ખીજડિયા ગામમાં મૂળજીભાઈ હિરપરાના ખેતરમાં ખેતમજૂરી કરતા પ્રકાશભાઈ નામના શ્રમિકની સાત વર્ષની પુત્રી અંજના પર ત્રણ જેટલા હિંસક કૂતરાઓએ એકાએક હુમલો કરી દીધો હતો. આ કરુણ ઘટના તે સમયે બની જ્યારે પરિવારના સભ્યો નજીકમાં જ ખેતરમાં તલની કાપણી કરી રહ્યા હતા અને માસૂમ બાળકી બાજુમાં રમી રહી હતી. કૂતરાઓ એટલા હિંસક બન્યા હતા કે તેમણે બાળકીને ગળા અને કમરના ભાગે ગંભીર રીતે બચકાં ભરી દીધા હતા.

બાળકીની ચીસો સાંભળીને ખેતરમાં કામ કરતા પરિવારજનો અને અન્ય શ્રમિકો તેને બચાવવા માટે દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં ખૂબ મોડું થઈ ગયું હતું.



ગંભીર ઈજાઓ અને વધુ પડતા રુધિરસ્ત્રાવને કારણે માસૂમ અંજનાએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. આ ઘટનાની સૌથી આઘાતજનક બાબત એ છે કે આ જ હિંસક શ્વાનોએ માત્ર દસ દિવસ પહેલા જ આ જ શ્રમિક પરિવારની મોટી દીકરી જામબાઈ પર પણ જીવલેણ હુમલો કર્યો હતો. જામબાઈને ગંભીર હાલતમાં જૂનાગઢની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી અને તે માંડ સાજી થઈને ઘરે પરત ફરી હતી, ત્યાં જ નાની બહેન અંજના આ હિંસક શ્વાનોનો શિકાર બની ગઈ હતી. બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડિયાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા ત્યાં મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ખેત માલિક વજુભાઈ હિરપરાએ વ્યથા ઠાલવતા જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષથી આ પરિવાર તેમના ખેતરમાં મજૂરી કરે છે અને કૂતરાઓના ત્રાસને કારણે હવે ખેતરમાં કામ કરવું પણ જોખમી બની ગયું છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે રખડતા શ્વાનોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે અને વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી. હાલમાં તો એક લાડકવાયી દીકરીના મોતના સમાચારથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સ્થાનિકો દ્વારા તાત્કાલિક ધોરણે આ હિંસક પ્રાણીઓનો નિકાલ કરવાની માંગણી કરવામાં આવી રહી છે.

# જાફરાબાદના ચિત્રાસર ગામે મિસ્ત્રી કામ દરમિયાન નીચે પટકાતા આધેડનું મોત

જાફરાબાદ,તા.૧૨

જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામે મિસ્ત્રી કામ કરી રહેલા એક આધેડ અચાનક વાંસની ઘોડી તૂટી પડતા નીચે પટકાયા હતા.

ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સંજયભાઈ મનુભાઈ ભાલીયા (ઉ.વ.૩૦) એ પોલીસને આપેલી વિગતો મુજબ, મનુભાઈ ભગવાનભાઈ ભાલીયા (ઉ.વ.૫૬) ઊંચાઈ પર ચડીને કામ કરી રહ્યા હતા. ત્યારે અચાનક જે વાંસના ટેકા (ઘોડી) પર તેઓ ઉભા હતા તે તૂટી ગયો હતો. વાંસ તૂટતા જ તેઓ વેગથી જમીન પર પટકાયા હતા, જેના કારણે તેમને જમણા પગના ઘૂંટણ નીચેના ભાગે અને શરીરે અન્ય ગંભીર ઈજાઓ પહોંચી હતી.

તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર કારગત ન નીવડતા તેમણે દમ તોડ્યો હતો. અન્ય એક બનાવમાં, જાળીયા ગામે રહેતા હરેશભાઈ વાલજીભાઈ પરમાર (ઉ.વ.૪૫) એ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેમનું પણ મોત નીપજ્યું હોવાનું દિનેશભાઈ અમરાભાઈ પરમાર (ઉ.વ.૪૦) એ જાહેર કર્યું હતું.

# માતૃ દિવસ નિમિત્તે બ્રહ્માકુમારી અમરેલી દ્વારા 'બા-બહુ-બેટી'નો કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૨

અમરેલીમાં માતૃ દિવસ નિમિત્તે બ્રહ્માકુમારીઝના વિવિધ સેવા કેન્દ્રો ખાતે 'સુખી પરિવારનો આધાર સ્તંભ: બા-બહુ-બેટી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે ૫૦૦ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારી બહેનો દ્વારા પરિવારમાં પરસ્પર



પ્રેમ, સંસ્કાર અને સમજણ કેળવીને ઘરને સ્વર્ગ સમાન બનાવવાનું પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ એક્ટિવિટીઝ અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા પરિવારના સભ્યો વચ્ચે હળીમળીને રહેવાની કળા શીખવવામાં આવી હતી અને ઉપસ્થિત સૌએ પોતાના પરિવારને સુખી તથા સંસ્કારી બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત, અમરેલી નગરપાલિકાના નવા ચૂંટાયેલા મહિલા સભ્યો અને શહેરની વિશિષ્ટ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી ગીતાદીદી અને અન્ય બહેનોના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

**ધારીના સરસીયા ગામની ઘટના**

# 'તમે મારા દિકરા સાથે કેમ બોલાચાલી કરો છો', તેમ કહી હુમલો કર્યો

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૧૨

ધારીના સરસીયા ગામે જૂની અદાવત અને બોલાચાલી મુદ્દે બે પક્ષોમાં બબાલ થઈ હતી. બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવી હતી. માવજીભાઈ આલાભાઈ બોરીચા (ઉ.વ ૪૦) એ શારદાબેન અરૂણભાઈ બોરીચા, નવલભાઈ ભીખાભાઈ મકવાણા, અરૂણભાઈ ડાયાભાઈ બોરીચા, લાલજીભાઈ ડાયાભાઈ બોરીચા તથા હિરલબેન અરૂણભાઈ બોરીચા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી આ બનાવની વિગત પ્રમાણે, તેઓ જ્યારે ઘરેથી બજારમાં જતા હતા ત્યારે શારદાબેન બોરીચાએ આવીને 'તમે મારા દીકરા સંદીપ સાથે કેમ બોલાચાલી કરો છો?' તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. આ દરમિયાન અન્ય શખ્સોએ આવી લોખંડના પાઈપ અને લાકડી વડે હુમલો કર્યો હતો. હુમલામાં તેમને માથા અને નાકના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા નાકમાં ફ્રેક્ચર થયું હતું અને કપાળે ત્રણ ટાંકા આવ્યા હતા. આ ઉપરાંત, અન્ય હંસાબેનને પણ પથ્થર મારી ઈજા પહોંચાડવામાં આવી હતી. જે બાદ શારદાબેન અરૂણભાઈ બોરીચા (ઉ.વ.૪૦) એ દિલીપભાઈ પ્રેમજીભાઈ બોરીચા, નિલેશભાઈ પ્રેમજીભાઈ બોરીચા, માવજીભાઈ આલાભાઈ બોરીચા તથા હંસાબેન પ્રેમજીભાઈ બોરીચા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ તેમના ઘર પાસે આવી દંપતીને ઘરની બહાર બોલાવ્યા હતા. ત્યારબાદ અચાનક જ હુમલો કરી દીધો હતો. એક આરોપીએ તેના પતિને માથામાં પાઈપનો ઘા ઝીંકી દીધો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલા તેમને એક શખ્સે માથાના પાછળના ભાગે કુહાડીનો ઘા માર્યો હતો. એટલું જ નહીં, પતિને બચાવવા જતાં તેમના ડાબા હાથ પર પણ કુહાડી મારી ઈજા પહોંચાડી હતી. આરોપીઓએ તેના વાળ પકડી ઢસડી હતી અને ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલાખોરોએ ધમકી આપતા જણાવ્યું હતું કે, તારો દીકરો સંદીપ સ્કૂટી લઈને અમારી આગળ-પાછળ આંટાફેરા મારે છે, તેના ટાંટિયા ભાંગી નાખવા છે. આ દરમિયાન વચ્ચે છોડાવવા પડેલા નવલભાઈને પણ મુંઢ માર માર્યો હતો. ગંભીર રીતે ઘાયલ મહિલાને માથાના ભાગે ત્રણ ટાંકા આવ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર ડી વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલા વોર્ડ નં. ૬ માં મંજૂર થયેલા આઈકોનિક રોડના નિર્માણમાં વિલંબ

અમરેલી,તા.૧૨

સાવરકુંડલાના વોર્ડ નંબર ૬ માં મંજૂર થયેલા 'આઈકોનિક રોડ'ના નિર્માણમાં થઈ રહેલો અસાધારણ વિલંબ હવે રહીશો માટે માથાનો દુખાવો બન્યો છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા હજુ સુધી વર્ક ઓર્ડર આપવામાં ન આવતા સ્થાનિક નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરી છે. ખાસ કરીને સંસ્કાર મંદિરથી માલધારી ચોક અને કપોળ છાત્રાલયથી કાણકીયા કોલેજ સુધીના માર્ગો બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. જો આગામી ચોમાસા પૂર્વે આ રસ્તાઓનું કામ યુધ્ધના ધોરણે શરૂ કરવામાં નહીં આવે તો રહીશોની હાલાકી અસહ્ય બની જશે. તંત્રની આ નિંભરતા સામે હવે જનતામાં પણ ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

# અમરેલીમાં અંગ દઝાડતી ગરમી

અમરેલી,તા.૧૨

અમરેલી સહિત જિલ્લામાં તાપમાનનો પારો સડસડાટ ઉંચે ચડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ છેલ્લાં ત્રણ દિવસથી અંગ દઝાડતી ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગરમીને કારણે શહેરના રસ્તાઓ સુમસામ ભાસી રહ્યાં છે ભારે ગરમીને લઈ હવામાન વિભાગે સાવચેત રહેવા અપીલ કરી છે.





















**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૯૦/૨૦૨૬

અરજદાર :- શ્રી રમેશભાઈ પોપટભાઈ બોરડ
રહે.માંગવાપાળ, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.માંગવાપાળ, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માંગવાપાળ ગામમાં અરજદારશ્રી રમેશભાઈ પોપટભાઈ બોરડ તેઓના નાના બેન ભારતીબેન પોપટભાઈ બોરડની જન્મ (તા.૨૭/૦૩/૧૯૭૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**




**તંત્રી લેખ**

# ગુજરાતનો નવો ટેકનોલોજીકલ સૂર્યોદય

ભારતના ઈતિહાસમાં ૧૧મી મેનો દિવસ 'રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ' તરીકે વિશેષ મહત્વ ધરાવે છે. આ જ દિવસે ભારતે પોખરણમાં સફળ પરમાણુ પરીક્ષણ કરીને વિશ્વ સમક્ષ પોતાની વૈજ્ઞાનિક શક્તિનો પરિચય કરાવ્યો હતો. આજે, દાયકાઓ પછી વિશ્વ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં પ્રવેશી રહ્યું છે ત્યારે ગુજરાતે પણ ટેકનોલોજીના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. રાજ્ય સરકારે ગુજરાતને વૈશ્વિક સ્તરે 'એઆઈ પાવર હાઉસ' બનાવવા માટે ૧૦૦ GPU સેન્ટર્સ સ્થાપવાની જાહેરાત કરી છે. આ નિર્ણય રાજ્યના ભવિષ્ય માટે ઐતિહાસિક સાબિત થઈ શકે છે.આજના ડિજિટલ યુગમાં ડેટાને "નવું તેલ" માનવામાં આવે છે, પરંતુ આ ડેટાને ઝડપી અને અસરકારક રીતે પ્રોસેસ કરવા માટે GPU એટલે કે ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ અનિવાર્ય છે. સામાન્ય CPU એક પછી એક ગણતરી કરે છે, જ્યારે GPU હજારો ગણતરીઓ એકસાથે કરી શકે છે. ChatGPT જેવા વિશાળ લેંગ્વેજ મોડલ્સ અને મશીન લર્નિંગ સિસ્ટમ્સ માટે GPU સૌથી મહત્વપૂર્ણ સાધન છે. ગુજરાત સરકાર દ્વારા GPU ની સંખ્યા ૧૬ થી વધારીને ૧૦૦ કરવાની યોજના રાજ્યની ટેકનોલોજીકલ ક્ષમતામાં મોટો વધારો કરશે.આ યોજનાનું સૌથી મહત્વપૂર્ણ પાસું 'GPU-as-a-Service' મોડલ છે. અત્યાર સુધી મોંઘા GPU સર્વર્સ ખરીદવા નાના સ્ટાર્ટઅપ્સ, વિદ્યાર્થીઓ અને સંશોધન સંસ્થાઓ માટે મુશ્કેલ હતું. હવે સરકાર ભાડાના ધોરણે આ સુવિધા ઉપલબ્ધ કરાવશે. એટલે કે નાના ગામડામાં રહેલો પ્રતિભાશાળી યુવાન પણ વિશ્વસ્તરની કમ્પ્યુટિંગ પાવરનો ઉપયોગ કરી શકશે. આ પગલું ટેકનોલોજીના લોકશાહીકરણ તરફનું મહત્વપૂર્ણ પગલું ગણાશે. ગુજરાત ખેતીપ્રધાન રાજ્ય હોવાથી કૃષિ ક્ષેત્રમાં પણ AI ક્રાંતિ લાવી શકે છે. AI આધારિત ટેકનોલોજીથી ખેડૂત પાકના રોગોનું ઝડપી નિદાન કરી શકશે. માત્ર મોબાઈલથી પાકનો ફોટો પાડીને કયો રોગ છે અને કઈ દવાનો ઉપયોગ કરવો તે જાણી શકાશે. ઉપરાંત, સ્માર્ટ સિંચાઈ પદ્ધતિ દ્વારા જમીનમાં રહેલા ભેજના આધારે આપમેળે પાણી આપવાની વ્યવસ્થા શક્ય બનશે. આથી પાણી અને ખાતરનો બચાવ થશે તથા ઉત્પાદન ક્ષમતા વધશે.સરકારી વહીવટમાં પણ AI મોટી ભૂમિકા ભજવશે. આરોગ્ય, ટ્રાફિક મેનેજમેન્ટ, શિક્ષણ અને સુરક્ષા સહિતના અનેક ક્ષેત્રોમાં AI નો ઉપયોગ વધશે. ડેટા એનાલિટિક્સ દ્વારા સરકાર વધુ સચોટ નીતિ-નિર્ધારણ કરી શકશે. રોગચાળાની આગાહીથી લઈને ટ્રાફિક નિયંત્રણ સુધી AI સ્માર્ટ સહાયક તરીકે કાર્ય કરશે. આથી સરકારી સેવાઓ વધુ ઝડપી, પારદર્શક અને ભ્રષ્ટાચારમુક્ત બનવાની શક્યતા છે.શિક્ષણ અને સંશોધન ક્ષેત્ર માટે પણ આ યોજના આશીર્વાદ સમાન છે. યુનિવર્સિટીઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ હવે માત્ર પુસ્તકીયા જ્ઞાન સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ વાસ્તવિક પ્રોજેક્ટ્સ અને સંશોધનમાં ભાગ લઈ શકશે. એનિમેશન, ગેમિંગ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ GPU મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગુજરાતના વિદ્યાર્થીઓ હવે વિશ્વસ્તરની ટેકનોલોજીનો ઉપયોગ પોતાના રાજ્યમાં જ કરી શકશે.નિશ્ચિત રીતે નવી ટેકનોલોજી સાથે પડકારો પણ આવે છે, પરંતુ ગુજરાતે હંમેશા પડકારોને તકમાં ફેરવ્યા છે. ૧૦૦ GPU સેન્ટર્સની યોજના માત્ર ટેકનોલોજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી, પરંતુ તે એક નવી વિચારસરણીનું પ્રતીક છે. આ યોજના ગુજરાતના યુવાનોને વિશ્વસ્તરની તક અને સંશોધનની નવી દિશા આપશે. રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસે લેવાયેલો આ નિર્ણય આવનારા ડિજિટલ અને વિકસિત ગુજરાતનો મજબૂત પાયો સાબિત થશે.

# પ્રાકૃતિક કૃષિ થકી અમરેલી જિલ્લાના ખેડૂતોની એક વર્ષમાં રૂા.૬૭ લાખની કમાણી

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પ્રાકૃતિક કૃષિ પ્રત્યે ખેડૂતોનો અભિગમ ખૂબ જ હકારાત્મક રીતે બદલાયો છે જેના પરિણામે સમગ્ર જિલ્લામાં ખેતીના ક્ષેત્રે એક નવો આયામ પ્રસ્થાપિત થયો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાસાયણિક ખાતરો અને જંતુનાશકો મુક્ત ખેતીને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઝુંબેશના ભાગરૂપે અમરેલી જિલ્લાના ખેડૂતો હવે ઝેરમુક્ત અને આરોગ્યપ્રદ ખેતી તરફ વળ્યા છે જેને પગલે બજારમાં પણ આ ખેત પેદાશોની ભારે માંગ જોવા મળી રહી છે. લોકોની બદલાતી જીવનશૈલી અને સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિને કારણે પ્રાકૃતિક પધ્ધતિથી પકવવામાં આવેલા અનાજ, શાકભાજી અને ફળોના વેચાણમાં મોટો ઉછાળો આવ્યો છે.પ્રાકૃતિક કૃષિના વ્યાપક પ્રચાર અને ખેડૂતોને યોગ્ય તાલીમ આપવા માટે 'આત્મા' પ્રોજેક્ટ મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ જિલ્લાના ખેડૂતોને



જીવામૃત, ઘનજીવામૃત અને બીજ સંસ્કાર જેવી પાયાની તાલીમ મોડેલ ફાર્મ પર આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા જિલ્લા અને તાલુકા પંચાયત કચેરીઓ ખાતે 'અમૃત બજાર'નું આયોજન કરવામાં આવે છે જ્યાં ખેડૂતોને તેમના ઉત્પાદનોનું સીધું વેચાણ કરવાનું પ્લેટફોર્મ મળે છે. છેલ્લા એક વર્ષના આંકડા મુજબ જિલ્લાના ખેડૂતોએ અમૃત બજાર અને પોતાના ઘરેથી અંદાજે ૧,૧૪,૩૬૭ કિલોગ્રામથી વધુ જથ્થાનું વેચાણ કરીને કુલ ૬૭,૦૧,૧૭૬ રૂપિયાની માતબર કમાણી કરી છે. જેમાં મુખ્યત્વે ૫૬,૭૨૯ કિલોગ્રામ અનાજ અને બાકીના ભાગમાં શાકભાજી તથા ફળ-ફળાદીનો સમાવેશ થાય છે.હાલમાં અમરેલી જિલ્લામાં અંદાજે ૧૮,૯૭૮ એકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે અને આ વિસ્તાર દિન-પ્રતિદિન વધી રહ્યો છે. રાજ્ય સરકારના આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે અમરેલી જિલ્લો મિશન મોડમાં કામ કરીને અગ્રીમ હરોળમાં સ્થાન મેળવી રહ્યો છે. આ પદ્ધતિ અપનાવવાથી ખેડૂતોનો ખેતી પાછળનો ખર્ચ ઘટ્યો છે અને તેમની જમીનની ફળદ્રુપતા પણ જળવાઈ રહી છે. જ્યારે બીજી તરફ ગ્રાહકોને શુધ્ધ અને પૌષ્ટિક આહાર મળી રહ્યો છે જે માનવ સમુદાયના સ્વાસ્થ્ય માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. આમ, અમરેલી જિલ્લો પ્રાકૃતિક ખેતીના માધ્યમથી આર્થિક અને સામાજિક પરિવર્તન તરફ આગળ વધી રહ્યો છે.

# વિરપુર કેળવણી મંડળ વિદ્યાલયનું ધોરણ ૧૦ અને ૧૨નું ઝળહળતું પરિણામ

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ધોરણ ૯ થી ૧૨ની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ**

ધારી,તા.૧૨

વિરપુર (ધારી) સ્થિત વિરપુર કેળવણી મંડળ સંચાલિત માધ્યમિક શાળાએ ધોરણ ૧૨માં ૧૦૦% અને ધોરણ ૧૦માં ૭૧.૪૨% પરિણામ મેળવી ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ધોરણ ૧૦માં વાળા મયુરીબેન અને ધોરણ ૧૨માં કહોર કરુણાબેને પ્રથમ સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.શિક્ષકોના માર્ગદર્શન હેઠળ મેળવેલી આ સફળતા બાદ હવે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ધોરણ ૯ થી ૧૨ની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે. સંસ્થામાં બક્ષીપંચ છાત્રાલય સહિત દીકરીઓ માટે પણ નિઃશુલ્ક રહેવા-જમવાની હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ છે. પ્રવેશ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓને વિરપુર (તા. ધારી, જિ. અમરેલી) ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

# નાના રાજકોટથી રામપર જવાના માર્ગ પર કાર ચાલકે બાઈક સવારને ફંગોળ્યો

લાઠી, તા. ૧૨

અમરેલી પંથકમાં હિટ એન્ડ રનની વધુ એક ઘટના સામે આવી છે. નાના રાજકોટથી રામપર જવાના માર્ગ પર એક અજાણી કારના ચાલકે મોટરસાયકલને અડફેટે લેતા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.વિપુલભાઈ મનુભાઈ દેથળીયા (ઉ.વ. ૩૦) એ અજાણ્યા ફોર વ્હીલ ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેમના નાનાભાઈ વિજયભાઈ મનુભાઈ દેથળીયા પોતાનું સ્પ્લેન્ડર મોટરસાયકલ લઈને નાના રાજકોટથી ભમરીયા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન નાના રાજકોટ અને રામપર ગામ વચ્ચે સામેથી આવતી એક અજાણી કારના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી.આ અકસ્માત એટલો ભયાનક હતો કે વિજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા હેમરેજ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ ઉપરાંત, ડાબી આંખ પાસે પણ ઊંડા ઘા પડતા ટાંકા લેવા પડ્યા હતા. અકસ્માત સર્જાયા બાદ માનવતા દાખવવાને બદલે અજાણ્યો કાર ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

હાલ લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગેરૈયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલિયા માટે અંડરપાસના નિર્ણયને વધાવતા વેપારીઓ અને રહીશો

લીલીયા,તા.૧૨

લીલિયા તાલુકાની વર્ષોથી ચાલતી રેલવે ફાટકની સમસ્યાનો હવે અંત આવવા જઈ રહ્યો છે. સનાળીયા રોડ અને પીપળવા રોડ પર અંદાજે ૨૩ કરોડ રૂપિયાના ખર્ચે અંડરપાસ બનાવવાનો નિર્ણય લેવામાં આવતા વેપારીઓ અને રહીશોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ કામગીરી માટે ધારાસભ્ય





મહેશભાઈ કસવાલા અને સાંસદ ભરતભાઈ સુતરીયાની જનતાએ પ્રશંસા કરી છે. પીપળવા રોડના રેલવે ફાટકના કારણે ખાસ કરીને ૧૦૮ એમ્બ્યુલન્સને લીલિયા સિવિલ હોસ્પિટલ સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડતી હતી, જેના કારણે દર્દીઓને જોખમનો સામનો કરવો પડતો હતો. અંડરપાસ બન્યા બાદ દર્દીઓને ઝડપી સારવાર મળશે. ઉપરાંત સનાળીયા રોડ પર ખેડૂતોને માર્કેટિંગ યાર્ડ સુધી જવામાં થતી મુશ્કેલીઓનો પણ અંત આવશે.તકે હિતેશભાઈ કારીયા,નંદલાલ સાવલિયા,આર.બી ભાલાળા, ગ્રામજનો અને વેપારીઓએ આ ઐતિહાસિક નિર્ણય બદલ નેતાઓનો આભાર વ્યક્ત કર્યો છે.

# સાવરકુંડલામાં મહિલા પાસેથી બે લીટર દેશી દારૂ મળી આવ્યો

**જિલ્લામાં પાંચ ઈસમો નશાની હાલતમાં મળી આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં પોલીસે અલગ-અલગ સ્થળોએથી કુલ ૪ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. જેમાં સાવરકુંડલામાં એક મહિલા પાસેથી ૨ લીટર અને રોહીસા ગામેથી ૨ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત, જેઠીયાવદર, અમરેલી, જામકા, ચલાલા અને સાવરકુંડલામાંથી એક-એક મળી કુલ ૫ ઈસમો નશાની હાલતમાં ફરતા મળી આવતા તેમની અટકાયત કરવામાં આવી હતી.


# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૯૫ | ૧૯૭૬ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૦ |
| જુવાર સફેદ | ૮૧૧ | ૯૯૦ |
| જુવાર લાલ | ૮૮૦ | ૯૪૬ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૩૦ |
| બાજરી | ૩૭૦ | ૫૧૮ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૨૦ |
| ચણા પીળા | ૯૪૫ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૭૩૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૨૫ |
| મગ | ૧૧૦૦ | ૧૯૨૫ |
| વાલ દેશી | ૬૫૦ | ૧૧૧૫ |
| ચોળી | ૧૪૩૦ | ૧૫૧૫ |
| વટાણા | ૫૪૦ | ૯૬૦ |
| કળથી | ૩૦૬ | ૪૦૫ |
| રાજમા | ૫૦૦ | ૧૬૫૦ |
| સીંગદાણા | ૧૬૨૦ | ૧૯૨૫ |
| મગફળી જાડી | ૧૨૩૫ | ૧૬૦૫ |
| મગફળી જીણી | ૧૨૩૦ | ૧૬૦૦ |
| તલી | ૧૮૫૦ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૧૩૪૫ | ૧૩૪૫ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૮૮ |
| અજમો | ૧૫૦૦ | ૨૧૦૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૫૫૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૪૨૧ |
| સીંગફાડા | ૧૩૦૪ | ૧૮૧૫ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૫૦૦ |
| લસણ | ૮૪૦ | ૧૫૪૫ |
| ધાણા | ૨૨૫૦ | ૨૪૮૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૦૨૦ |
| ધાણી | ૨૨૪૦ | ૨૪૭૫ |
| વરીયાળી | ૧૧૮૧ | ૨૧૦૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૮૦ |
| રાય | ૧૨૨૧ | ૧૫૪૮ |
| મેથી | ૧૧૧૫ | ૧૯૦૫ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| અશેરીયો | ૧૦૮૯ | ૧૦૮૯ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૫૨૦ |
| રાયડો | ૧૦૧૦ | ૧૩૦૪ |
| રજકાનું બી | ૫૦૫૦ | ૬૨૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૧ | ૬૧૧ |
| લીંબુ | ૨૧૮૪ | ૪૩૩૫ |
| સાકરટેટી | ૧૪૩ | ૩૧૧ |
| તરબુચ | ૧૦૫ | ૨૧૧ |
| પપૈયા | ૯૦ | ૧૮૨ |
| બટેટા | ૧૦૯ | ૨૮૦ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૬૫ |
| ટમેટા | ૪૮૮ | ૭૧૦ |
| સુરણ | ૮૨૪ | ૧૦૩૨ |
| કોથમરી | ૬૫૮ | ૯૫૬ |
| રીંગણા | ૧૦૩ | ૨૦૮ |
| કોબીજ | ૧૨૪ | ૨૩૬ |
| ફ્લાવર | ૩૦૪ | ૪૮૬ |
| ભીંડો | ૧૩૪ | ૨૮૯ |
| ગુવાર | ૩૧૧ | ૫૨૮ |
| ચોળાસીંગ | ૪૨૬ | ૭૦૫ |
| ટીંડોળા | ૩૭૮ | ૭૬૯ |
| દુધી | ૯૪ | ૧૭૬ |
| કારેલા | ૧૫૧ | ૨૪૬ |
| સરગવો | ૨૫૮ | ૫૨૬ |
| તુરીયા | ૨૫૯ | ૪૩૫ |
| પરવર | ૩૭૬ | ૫૮૨ |
| કાકડી | ૧૮૩ | ૩૨૯ |
| ગાજર | ૩૨૪ | ૫૧૧ |
| વટાણા | ૧૧૮૫ | ૧૪૨૬ |
| ગલકા | ૧૬૪ | ૨૭૫ |
| બીટ | ૧૬૨ | ૩૨૪ |
| મેથી | ૬૦૨ | ૮૧૬ |
| ડુંગળી લીલી | ૭૭૪ | ૯૮૮ |
| આદુ | ૧૩૪૪ | ૧૬૩૩ |
| મરચા લીલા | ૫૧૧ | ૭૨૭ |
| મકાઇ લીલી | ૧૪૧ | ૩૦૧ |
| ગુંદા | ૨૧૨ | ૪૨૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૭૬ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૮૮ |
| મગફળી જીણી | ૧૨૫૧ | ૧૭૦૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૮૫૧ |
| સિંગ ફાડીયા | ૧૩૫૧ | ૧૮૦૧ |
| એરંડા/એરંડી | ૧૦૦૧ | ૧૨૯૬ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૦૬૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૪૯૧ |
| વરીયાળી | ૧૪૦૧ | ૧૭૭૬ |
| ધાણા | ૧૬૦૧ | ૨૫૫૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૬૪૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૯૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| મઠ | ૨૭૬ | ૭૫૧ |
| તુવેર | ૮૫૧ | ૧૫૨૧ |
| રાયડો | ૧૦૧૧ | ૧૨૬૧ |
| રાય | ૧૧૦૧ | ૧૩૮૧ |
| મેથી | ૧૦૫૧ | ૧૭૮૧ |
| સુવાદાણા | ૧૨૭૬ | ૧૩૫૧ |
| કાંગ | ૪૮૧ | ૪૮૧ |
| મરચા | ૧૧૦૧ | ૬૭૦૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૦૬ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૭૪૧ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૩૨૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૭૯૧ |
| મરચા સૂકા ઘોલર | ૧૪૦૧ | ૭૧૦૧ |
| ડુંગળી સફેદ | ૨૨૮ | ૨૬૬ |
| બાજરો | ૩૨૧ | ૩૫૧ |
| જુવાર | ૪૫૧ | ૯૧૧ |
| મકાઇ | ૩૪૧ | ૪૧૧ |
| મગ | ૮૦૧ | ૧૮૨૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૧ |
| વાલ | ૫૫૧ | ૧૧૦૧ |
| ચોળા / ચોળી | ૪૫૧ | ૧૪૪૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૪૨૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૪૦૦ | ૯૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૯૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૬૦ | ૪૦૦ |
| કાકડી | ૬૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૬૦ | ૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૪૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૪૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૮ | ૧૫ |
| ફોદીનો પુરા | ૧ | 3 |
| કાચા કેળા | ૧૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૩૦૦ |
| ઘીસોડા | ૧૬૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૧૮૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૭૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| ગરમર | ૪૦૦ | ૮૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૭૫ | ૧૫૨૫ |
| શિંગ દાણા | ૧૮૧૦ | ૧૯૧૦ |
| શિંગ દાણા ફાડા | ૧૫૬૫ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૩૧૦ | ૨૩૨૫ |
| કાળા તલ | ૨૨૯૦ | ૩૫૮૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૩૭૦ | ૮૫૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૦ |
| મકાઈ | ૩૭૦ | ૩૭૦ |
| મગ | ૧૧૯૦ | ૧૮૪૫ |
| ચણા | ૮૫૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૧૦૩૦ | ૧૦૭૦ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૮૫૦ | ૧૪૬૫ |
| કપાસ | ૧૦૫૦ | ૨૦૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| જીરુ | ૨૨૦૦ | ૩૫૮૦ |
| રાયડો | ૧૧૬૦ | ૧૧૬૦ |
| રાય | ૧૧૨૫ | ૧૩૪૦ |
| ધાણા | ૨૦૦૫ | ૨૬૨૫ |
| ધાણી | ૨૫૦૫ | ૨૫૦૫ |
| મેથી | ૧૦૩૦ | ૧૨૬૫ |
| સોયાબીન | ૧૧૩૦ | ૧૩૨૫ |
| મરચાં લાંબા | ૧૬૫૦ | ૩૫૦૦ |
| વરીયાળી | ૧૪૩૦ | ૧૪૭૦ |
| સુવાદાણા | ૧૨૯૦ | ૧૨૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૫૩૦ | ૬૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૩૦ |
| ગાજર | ૫૫૦ | ૭૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૧૦૩૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૮૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગરમર | ૬૦૦ | ૮૨૦ |
| ભીંડો | ૩૦૦ | ૩૫૦ |
| આદુ | ૧૭૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૨૦ |
| બીટ | ૨૨૦ | ૩૨૦ |
| સરગવો | ૪૦૦ | ૫૫૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૫૩૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૩૩૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૫૫૦ | ૬૩૦ |
| લીબુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૮૦ |
| શીંગ નવી | ૧૨૫૦ | ૧૬૧૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૫૦૦ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૮૧ |
| જુવાર | ૫૫૦ | ૯૮૨ |
| મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| મગ | ૧૬૦૦ | ૧૭૬૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૫ |
| દેશી ચણા | ૯૦૦ | ૧૦૫૪ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૧૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૪૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| રાય/રાયડો | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૩૬૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૧૦ | ૧૯૭૪ |
| કપાસ મીડીયમ | ૧૫૭૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૩૦ | ૧૪૧૦ |
| તલ સફેદ | ૧૫૭૦ | ૨૧૪૦ |
| તલ કાળા | ૨૮૪૦ | ૩૪૩૦ |
| જીરૂ | ૩૨૪૦ | ૩૮૩૦ |
| ચણા | ૧૦૩૫ | ૧૦૬૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૨૦૫ |
| મગ | ૧૩૫૦ | ૧૭૦૦ |
| જુવાર સફેદ | ૭૦૫ | ૮૯૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૨૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૭૦ |
| ઘઉં લોકવન | ૩૭૨ | ૪૭૧ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૪૮૩ |
| ચણા | ૮૫૦ | ૧૦૨૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| ચણા સફેદ | ૯૪૨ | ૯૭૦ |
| મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૩૨૫ | ૧૯૮૭ |
| મગફળી | ૯૦૦ | ૧૩૨૫ |
| મેથી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| સોયાબીન | ૭૦૦ | ૧૩૭૨ |
| શીંગફાડા | ૧૪૯૫ | ૧૪૯૫ |
| લસણ | ૬૨૫ | ૬૫૫ |
| એરંડી | ૯૭૫ | ૯૭૫ |
| તુવેર | ૮૯૦ | ૧૨૪૮ |
| રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલકાળા | ૧૪૪૫ | ૨૮૮૧ |
| **ધારી** | | |
| મગફળી | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ઘઉં | ૪૨૨ | ૪૫૩ |
| ચણા | ૯૫૦ | ૧૦૪૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૩૦ |
| ધાણા | ૨૦૧૦ | ૨૨૭૫ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| શીંગ ફાડા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| **મહુવા** | | |
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૬૫ | ૧૬૧૩ |
| શીંગ ૩૯ | ૧૧૭૮ | ૧૨૯૭ |
| શીંગ ૬૬ | ૧૩૧૦ | ૧૩૯૨ |
| શીંગ જી-૨૦ | ૧૧૮૦ | ૧૪૩૨ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૮ |
| જુવાર | 333 | ૯૨૯ |
| બાજરી | ૩૦૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૪૦ |
| મકાઈ | ૪૯૨ | ૪૯૨ |
| અડદ | ૧૦૩૦ | ૧૮૮૦ |
| મગ | ૮૦૨ | ૧૭૧૩ |
| મેથી | ૧૩૨૫ | ૧૪૯૦ |
| ચણા | ૧૦૨૩ | ૧૦૫૯ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૨૨૪૦ |
| તલ કાળા | ૫૦૦ | ૩૫૭૦ |
| તુવેર | ૫૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ડુંગળી લાલ | ૬૬ | ૩૨૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૩૨૧ |
| નાળીયેર | ૫૦૦ | ૨૫૪૨ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૭૦૦ | ૧૭૭૫ |
| ચણા | ૧૦૨૬ | ૧૦૩૮ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૩૦૫૫ | ૩૪૦૦ |
| તુવેર | ૧૨૩૫ | ૧૪૦૦ |
| ઘઉં | ૪૦૫ | ૪૩૧ |
| જીરૂ | ૩૩૭૦ | ૩૪૧૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૩૮૧ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૪૦૧ |
| તલ કાળા | ૨૭૫૧ | ૩૪૨૬ |
| કપાસ | ૧૪૭૫ | ૧૮૫૧ |
| બાજરો | ૩૦૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૪૮૪ |
| જુવાર | ૩૦૦ | ૯૮૩ |
| મકાઈ | ૪૦૦ | ૪૧૧ |
| મગ | ૧૫૭૫ | ૧૬૭૭ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ચણા | ૬૦૧ | ૧૦૪૪ |
| જીરૂ | ૩૭૫૦ | ૩૭૫૦ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| અજમાં | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૪૧૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૩૦ |
| ઘઉં | ૪૧૦ | ૫૧૧ |
| રાઈ | ૧૧૮૦ | ૧૩૪૨ |
| મેથી | ૯૦૦ | ૧૧૫૦ |
| જુવાર | ૫૫૦ | ૯૨૦ |
| ચોળી | ૭૦૦ | ૧૬૨૬ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૪૭ |
| મગ | ૧૫૧૦ | ૧૯૧૮ |
| એરડી | ૧૦૦૦ | ૧૨૨૮ |
| ચણા | ૭૦૦ | ૧૦૨૧ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૪૬૬ |
| રજકો | ૩૦૦૦ | ૫૪૭૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૧૬ |
| ઘઉં | ૩૮૦ | ૪૯૩ |
| મગ | ૫૦૧ | ૧૭૦૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૬૬ |
| વાલ | ૪૦૦ | ૪૦૦ |
| અડદ | ૧૦૧૧ | ૧૦૧૧ |
| તુવેર | ૭૫૧ | ૧૪૧૧ |
| મગફળી | ૫૦૦ | ૧૪૬૧ |
| શિંગફાડા | ૧૪૦૧ | ૧૭૯૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૨૬૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૫૧ |
| રાય | ૧૧૯૬ | ૧૧૯૬ |
| મેથી | ૬૦૧ | ૧૨૧૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૯૬ |
| સોયાબીન | ૮૦૧ | ૧૩૨૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૦૦ | ૯૩૫ |
| બાજરો | ૩૦૦ | ૩૨૫ |
| ઘઉં | ૩૫૦ | ૪૮૭ |
| મગ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૪૫ |
| ચોળી | ૮૦૦ | ૧૪૦૫ |
| ચણા | ૮૦૦ | ૧૦૮૮ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૨૫ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૨૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૦ |
| તલ | ૧૩૫૦ | ૧૪૦૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૯૫ |
| રાય | ૧૨૫૦ | ૧૫૦૦ |
| લસણ | ૮૦૦ | ૧૮૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૭૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૨૫ |
| અજમો | ૧૭૬૦ | ૩૦૮૫ |
| અમજમાની ભૂસી | ૪૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૭૧૫ | ૨૪૦૫ |
| ડુંગળી સુકી | ૩૦ | ૨૧૫ |
| વટાણા | ૪૫૦ | ૮૦૫ |
| કલોજી | ૨૫૦૦ | ૩૪૩૫ |



લાગે તો તીર : -માત્ર જેઠાલાલની નજર જ બંગાળી ઉપર છે
06

# રજની ના કરી શક્યા, વિજયે કરી બતાવ્યું



તમિલનાડુમાં વિજય મુખ્યમંત્રી બની ગયો.

તમિલનાડુ વિધાનસભાની ચૂંટણીમાં તમિલ સિનેમાના સુપરસ્ટાર વિજયની પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે)ને સૌથી વધારે બેઠકો તો મળી પણ બહુમતી માટે જરૂરી ૧૧૮ ધારાસભ્યો નહીં હોવાથી વિજય લટકી ગયો હતો. વિજયને સત્તામાં આવતો રોકવા માટે બે કટ્ટર રાજકીય હરીફો એવા ડીએમકેના એમ.કે. સ્ટાલિન અને એઆઈએડીએમકેના પલાનીસ્વામી હાથ મિલાવી લે એવી પણ શક્યતા હોવાથી વિજયના મુખ્યમંત્રી બનવા સામે સવાલ ઉભો થયો હતો. છેવટે ડીએમકેએ કોંગ્રેસ સહિતના પોતાના સાથી પક્ષોને વિજયને ટેકો આપવા કહેતાં વિજય પાસે બહુમતી થઈ ગઈ અને તેની શપથવિધી થઈ ગઈ.

વિજયની શપથવિધી સાથે તમિલનાડુમાં ફિલ્મી સેલિબ્રિટીની ફરી સત્તામાં વાપસી થઈ છે. કરૂણાનિધી, એમ.જી. રામચંદ્રન, જાનકી રામચંદ્રન અને જલલલિતા પછી વિજય તમિલનાડુના મુખ્યમંત્રીપદે બેસનારી પાંચમી ફિલ્મ સેલિબ્રિટી છે. વિજયની તાજપોશી સાથે તમિલનાડુનું દ્રવિડ વિચારધારાની આસપાસ રમતું રાજકારણ નવા યુગમાં પ્રવેશ્યું છે. અત્યાર લગી ડીએમકે અને એઆઈએડીએમકે એ બે રાજકીય પક્ષોની આસપાસ જ ઘૂમરાતું હતું. બીજા નાના નાના પક્ષો ઘણા છે પણ ડીએમકે અને એઆઈએડીએમકેના વર્ચસ્વને કોઈ તોડી શક્યું નહોતું.ડીએમકે અને એઆઈએડીએમકેનું વર્ચસ્વ એવું જબરદસ્ત છે કે, ૧૯૬૭થી એટલે કે છેલ્લાં લગભગ ૬૦ વર્ષથી તમિલનાડુમાં ડીએમકે અને એઆઈએડીએમકેમાંથી કોઈ એક પાર્ટી જ સત્તામાં આવે છે. બીજા પક્ષો ઉભા થયા પણ ડીએમકે અને એઆઈએડીએમકે સામે ટકી ના શકતાં છેવટે તેમણે આ બે પક્ષમાંથી કોઈ એક પક્ષના શરણે જવું પડ્યું. વિજયે ડીએમકે અને એઆઈએડીએમકેને પછાડીને એક ત્રીજો વિકલ્પ ઉભો કર્યો છે એ બહુ મોટી વાત છે.

■■■

વિજયે રાજકીય કારકિર્દી આયોજનપૂર્વક ઘડી છે.

વિજયે છેક ૨૦૦૯માં પોતાની ફેન ક્લબ વિજય મક્કલ ઈયક્કમ શરૂ કરી હતી. વિજય એ વખતે તમિલ ફિમોનો સુપરસ્ટાર નહોતો પણ ધીરે ધીરે આગેકૂચ કરી રહ્યો હતો. એ વખતે કોઈએ વિચાર્યું નહોતું કે, વિજયે આ ફેન ક્લબ પોતાની રાજકીય મહત્વાકાંક્ષા પૂરી કરવા માટે શરૂ કરી છે. વિજયે ફેન ક્લબ શરૂ કર્યાના બે જ વર્ષમાં રાજકીય પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી અને ૨૦૧૧ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં એઆઈએડીએમકેની આગેવાની હેઠળના જોડાણને ટેકો આપ્યો હતો.


જયલલિતા ત્યારે એઆઈએડીએમકેનાં પ્રમુખ હતાં ને તમિલ ફિલ્મોનાં સુપરસ્ટાર રહી ચૂકેલાં તેથી તેમને માન આપવા માટે વિજયે આ નિર્ણય લીધો હોવાનું મનાતું હતું પણ વિજય પોતાના માટે રાજકીય એન્ટ્રીનો તખ્તો તૈયાર કરી રહ્યો હતો. વિજય એ પછી અલગ અલગ મુદ્દે પોતાના વિચારો વ્યક્ત કરીને પોતાની ચોક્કસ રાજકીય વિચારધારા છે એ લોકો સામે સ્પષ્ટ કરતો ગયો. વિજયની વિચારધારા ભાજપ વિરોધી છે એ પહેલેથી સ્પષ્ટ હતું. ૨૦૧૫માં વિજયને ત્યાં ઈન્કમટેક્સ વિભાગના દરોડા પડ્યા પછી એ એકદમ ભાજપ વિરોધી થઈ ગયો.

વિજયે ફેબ્રુઆરી ૨૦૧૯માં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા પસાર કરાયેલ સિટિઝન એમેન્ડમેન્ટ એક્ટ એટલે કે નાગરિકતા સુધારો અધિનિયમ ૨૦૧૯નો ખુલ્લો વિરોધ કરીને કહેલું કે, આ કાયદો દેશમાં સામાજિક ધાર્મિક સંવાદિતાને ખલેલ પહોંચાડશે. વિજયે એ વખતે જ પોતે ભાજપની વિચારધારાની વિરૂધ્ધ હોવાનું સ્પષ્ટ કરી દીધેલું.

■■■

વિજયે પહેલું રાજકીય પગલું ૨૦૨૨માં ભરેલું.

વિજયની ફેન ક્લબના સભ્યોની સંખ્યા લગભગ દોઢ કરોડ થઈ ગઈ પછી વિજયે પોતાના નામે તમિલનાડુના મતદારો મત આપે છે કે નહીં તેની ચકાસણી કરવા માટે પોતાની ફેન ક્લબના સભ્યોને ૨૦૨૨ની તમિલનાડુ સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડાવી હતી. આ ચૂંટણીમાં વિજયની પાર્ટીને ૧૧૫ બેઠકો પર જ વિજય મળ્યો હતો પણ તેના સમર્થકોને મોટા ભાગના વિસ્તારોમાં સારો પ્રતિસાદ મળ્યો હતો. તેનાથી પ્રોત્સાહિત થઈને વિજયે ૨ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ નવા રાજકીય પક્ષ તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે)ની શરૂઆત કરી. તમિલગા વેત્રી કઝગમનો હિંદીમાં અર્થ તમિલનાડુ વિજય પાર્ટી થાય છે.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

વિજયના રાજકીય અભિયાનની શરૂઆત બહુ સારી નહોતી. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ કરુરમાં વિજયની સભા દરમિયાન ભીડના ધસારામાં ૪૧ લોકો મૃત્યુ પામ્યા પછી વિજય જતો રહ્યો તેની ટીકા થઈ હતી. એ વખતે મનાતું હતું કે, વિજયની રાજકીય કારકિર્દી શરૂ થતાં પહેલાં જ પતી જશે પણ વિજયે ચૂંટણીની જાહેરાતો પછી બહાર પાડેલા ઢંઢેરામાં કોઈને કલ્પના પણ ના આવે એવી જાહેરાતો કરીને લોકોને મત આપવા લલચાવી દીધા.

વિજયે તમિલનાડુમાં પોતે સત્તામાં આવશે તો દરેક પરિવારની મુખ્ય મહિલાના ખાતામાં દર મહિને ૨૫૦૦ રૂપિયા જમા કરાવવાનું વચન આપ્યું છે. સરકારી કર્મચારી ના હોય એવી તમામ મહિલાઓને ૬૦ વર્ષની ઉંમર સુધી આ રકમ મળશે. લગ્ન કરી રહેલી દરેક દીકરીને સરકાર તરફથી ૮ ગ્રામ સોનું અને દરેક નવજાત શિશુને સોનાની વીંટી આપવાનું પણ વચન આપ્યું છે. દરેક ઘરમાં વરસે રાંધણ ગેસના ૬ સિલિન્ડર પણ સાવ મફતમાં અપાશે જ્યારે ધોરણ ૧૨ સુધીની વિદ્યાર્થીઓને વરસે ૧૫ હજાર રૂપિયા અપાશે. આ રકમ સીધી તેમની માતાના ખાતામાં જમા થશે કે જેથી સ્કૂલમાંથી દીકરીને ભણવામાંથી ઉઠાવી ના લેવાય. આ ઉપરાંત સરકારી બસોમાં મહિલાઓને મફત મુસાફરીનું વચન પણ આપ્યું છે. વિજયે મહિલાઓના ખાતામાં સીધી રકમ જમા કરાવવાનાં વચનો આપ્યાં તેના કારણે વરસોથી જામેલલા બે પક્ષો ડીએમકે અને એઆઈએડીએમકેને પછાડીને આગળ નિકળી ગયો.

■■■

વિજયની નકલ શાહરૂખ ખાને કરી છે.

વિજય ફિલ્મી પરિવારમાં જન્મેલો છે તેથી તેની આયોજનપૂર્વક ફિલ્મ કારકિર્દી ઘડી છે. વિજયના પિતા એસ. એ. ચંદ્રશેખર ફિલ્મ ડિરેક્ટર અને માતા શોભા ચંદ્રશેખર પ્લેબેક સિંગર છે. ખ્રિસ્તી પિતા અને હિન્દુ માતાના સંતાન વિજયે બાળ કલાકાર તરીકે કારકિર્દી શરૂ કરેલી. તેની પહેલી ફિમ વેત્રી સુપરહીટ હતી છતાં ફિલ્મી કારકિર્દી માટે ભણવાનું ના છોડ્યું.

લોયોલા કોલેજમાંથી વિઝ્યુઅલ કોમ્યુનિકેશનમાં સ્નાતક થયા પછી વિજયને તેના પિતાએ પહેલી ફિમ નલાઈયા થીરપુમાં જ એક્શન હીરો તરીકે લોંચ કરેલો પણ એક વાર સફળ થયા પછી વિજયે રોમાસ અને કોમેડી પર હાથ અજમાવ્યો પણ તેની ઈમજ એક્શન હીરો તરીકેની છે. વિજયની એક્શન ફિલ્મોનો તમિલ યુવાઓમાં ભારે ક્રેઝ છે. વિજય બહુ સારો એક્ટર નથી પણ તેની પાસે જબરદસ્ત મેનરીઝમ છે તેથી તેનો પોતાનો એક આગવો ચાહક વર્ગ ઉભો થયો છે.

વિજય તમિલ ફિલ્મોમાં સફળ ગાયક પણ છે. ઈલૈયા રાજા અને એ.આર. રહેમાન જેવા મહાન સંગીતકારોએ વિજય પાસે ગીતો ગવડાવ્યાં છે પણ અભિનય પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય એ માટે વિજયે ગાવાનું છોડી દીધું. આ નિર્ણય વિજયને ફળ્યો છે કેમ કે છેલ્લાં ૧૫ વર્ષમાં વિજયની કોઈ ફિલ્મ એવી નથી આવી કે જેણે ૧૦૦ કરોડ રૂપિયાથી ઓછી કમાણી કરી હોય. તમિલ સિનેમામાં રજનીકાન્ત સૌથી સફળ અભિનેતા છે. એક દાયકામાં વિજયની રજનીકાન્તને ટક્કર આપતા સુપરસ્ટાર તરીકે ઉભર્યો છે.

વિજય તમિલ ફિલ્મોમાં એ હદે લોકપ્રિય છે કે, બોલીવુડના બાદશાહ ગણાતા શાહરૂખ ખાને પણ પોતાની કારકિર્દી બચાવવા માટે વિજયની ફિલ્મોની નકલ કરવી પડી છે. વિજયે પોતે થ્રી ઈડિયટ્સની તમિલ રીમેકમાં એક્ટિંગ કરી છે પણ ધીરે ધીરે એટલો મોટો સ્ટાર બની ગયો કે હવે બોલીવુડ તેની ફિલ્મોની નકલ કરે છે. શાહરૂખ ખાને સળંગ નિષ્ફળ ફિલ્મો આપ્યા પછી જવાન અને પઠાણ એ બે સળંગ સુપરહીટ ફિલ્મો આપી. આ બંને ફિલ્મો હજાર-હજાર કરોડ રૂપિયાથી વધારેનો નફો કર્યો. શાહરૂખની જવાન વિજયની ફિલ્મની નકલ છે અને વિજય સાથે ઘણી સફળ ફિલ્મો આપનારા એટલીએ જ આ ફિલ્મ ડિરેક્ટ કરી હતી.

■■■

તમિલ સિનેમાના સૌથી મોટા સુપરસ્ટાર રજનીકાન્ત ના કરી શક્યા એ વિજયે કરી બતાવ્યું.


વિજય પહેલાં રજનીકાન્તે રાજકારણમાં આવવાની તૈયારી કરી નાંખેલી. રજનીકાન્તે ૨૦૨૦માં રાજકીય પક્ષ રચવાની જાહેરાત કરીને એલાન કર્યું હતું કે પોતે આધ્યાત્મિક રાજકારણ કરશે અને ૨૦૨૧ની તમિલનાડુની ચૂંટણીમાં તમામ ૨૩૪ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે.

રજનીકાન્તે પોતાનો ‘રજની મક્કલ મંદરમ’ પક્ષ ૩૧ ડીસેમ્બરે એટલે કે ૨૦૨૦ના છેલ્લા દિવસે પોતાની યોજના જાહેર કરશે એવું એલાન પણ કરેલું, આ માટે બેઠકોનો દોર પણ શરૂ થયેલો પણ રજનીકાન્ત છેલી ઘડીએ પાણીમાં બેસી ગયેલો. રજનીકાન્તની મોટા ભાગની ફિલ્મોનું નિર્માણ સન મૂવીઝ દ્વારા થાય છે અને સન મૂવીઝ ડીએમકેના સર્વેસર્વા સ્ટાલિનની પિતરાઈ મારન બંધુઓની છે. મારન બંધુઓ પોતે પણ ડીએમકેમાં છે. આ ઉપરાંત રજનીકાન્તને નરેન્દ્ર મોદી સાથે પણ સારા સંબંધો છે તેથી બંને તરફ દબાણના કારણે રજનીકાન્તે રાજકારણમાં આવવાનો વિચાર માંડી વાળ્યો એવું મનાય છે.

રજનીકાન્તે ૨૦૨૧માં રાજકારણમાં નહીં આવવાનું એલાન કર્યું તેના એક વરસ પછી ૨૦૨૨માં પહી વાર પોતાના સમર્થકોને ચૂંટણી લડાવીને રાજકારણનાં પાણી કેટલાં ઉંડાં છે ને પોતે કેટલું તરી શકે છે તેનો ક્યાસ કાઢ્યો.આજે ચાર વર્ષ પછી વિજયને જબરદસ્ત સફળતા મળી ગઈ એ જોતાં રજનીકાન્તને અફસોસ થતો હશે. ■

sanjogpurti@gmail.com

# ગરીબી
## છાપામાં ચમકવા માટેની અનિવાર્ય લાયકાત!



બોર્ડનું પરિણામ આવ્યું અને આખા શહેરમાં ફટાકડા ફૂટ્યા, પણ મારા ઘરમાં જાણે ‘સાઈલન્ટ મોડ’ મુકાઈ ગયો હોય એવું વાતાવરણ સર્જાયું. વાત એમ હતી કે મને એસ.એસ.સી.માં ૯૬% આવ્યા હતા. તમે કહેશો કે આ તો પેંડા વહેંચવાના દિવસો કહેવાય, પણ મને પહેલીવાર જિંદગીમાં ખબર પડી કે ગણિતના દાખલા ગણવા સહેલા છે પણ પત્રકારોના કેમેરા સામે ગોઠવાવું અઘરું છે.

પરિણામના બીજા દિવસે હું સવારના પહોરમાં સફેદ કુર્તો પહેરી, વાળમાં જેલ લગાવીને તૈયાર થઈને બેઠો હતો. મને એમ કે હમણાં પત્રકારોના ધાડેધાડા આવશે, કેમેરાની ફ્લેશ લાઈટો મારા ચહેરા પર પડશે અને પત્રકાર પૂછશે, “તમારી આ ભવ્ય સફળતાનું રહસ્ય શું છે? તમે સવારના ચાર વાગ્યે ઉઠતા કે રાત્રે જાગતા?” પણ સાલી આશા તો ઠગારી નીવડી! આખું બપોર નીકળી ગયું, પણ મારા બંગલાના ગેટ પર કોઈ ન આવ્યું. છેવટે ન્યૂઝપેપર ખોલ્યું તો ખબર પડી કે ગણિત સાવ જુદું જ હતું.

છાપાના પહેલા પાના પર મોટા હેડિંગ હતા: “રીક્ષાચાલક રમેશભાઈનો પુત્ર ઝળક્યો”, “દાડી-મજૂરી કરતા શાંતાબેનના દીકરાએ કરી કમાલ”, “ભંગાર વેચતા ભીખાભાઈના લાલનો દબદબો!”

મેં જોયું તો પેલા રમેશભાઈના પુત્રને ૮૦ ટકા જ હતા. મારા કરતા ૧૬ ટકા ઓછા! છતાં પત્રકારો તેના ઘરે જઈને પૂછતા હતા, “તમે ફાનસના અજવાળે વાંચતા હતા?” પેલો છોકરો બિચારો ફાનસ જોયું પણ ન હોય તોય પત્રકારના આગ્રહથી ફાનસ પકડીને ફોટો પડાવતો હતો. મને ત્યારે સમજાયું કે આ દુનિયામાં ટકાવારીની વેલ્યુ નથી, ટકાવારીની પાછળ રહેલી ‘ગરીબી’ની વેલ્યુ છે.

પહેલીવાર મને મારા પિતાની અમીરી ઉપર અફસોસ થયો. મારા પિતા શહેરના નામાંકિત બિલ્ડર અને ધનાઢ્ય વ્યક્તિ છે. હવે પત્રકાર મારા ઘરે આવે તો સ્ટોરી શું બને? “બંગલામાં રહેતા અને એસીમાં ભણતા કરોડપતિના પુત્રને ૯૬ ટકા આવ્યા?” આમાં કોઈ મસાલો નથી! પત્રકારને જોઈએ છે સંઘર્ષ. એમને જોઈએ છે આંસુ. એમને જોઈએ છે એવો વિદ્યાર્થી જેણે સ્ટ્રીટ લાઈટ નીચે બેસીને લઘુતમ સામાન્ય અવયવ શોધ્યા હોય.

મારે પત્રકારોને કહેવું હતું કે, “ભાઈ, એસીમાં ભણતા હોય એને પણ ઊંઘ તો આવે જ ને? અમારે પણ મહેનત તો કરવી જ પડે ને?” પણ ના, છાપાવાળાઓને તો છાણા વીણતી છનુંબેનનો પુત્ર જ હિરો દેખાય. જો તમારી પાસે ગરીબ બાપ નથી, તો તમારી માર્કશીટ ભલે ગમે તેટલી સોનેરી હોય, પણ છાપામાં તો તમારું નામ ‘પરિણામની યાદી’માં જ સમાઈ જશે, ‘સ્ટોરી’માં નહીં.

મેં મારા પિતાને કહ્યું, “પપ્પા, તમે કેમ રીક્ષા નથી ચલાવતા? જો તમે આજે રીક્ષા ચલાવતા હોત અને મમ્મી કોઈના ઘરે વાસણ માંજવા જતી હોત, તો આજે હું આખા રાજ્યમાં ફેમસ હોત! પત્રકારો પૂછત કે આટલી ગરીબીમાં પણ તમે ૯૬ ટકા કેવી રીતે લાવ્યા? ત્યારે હું કહેત કે હું આખો દિવસ પપ્પાની રીક્ષા પાછળ બેસીને પુસ્તકો વાંચતો હતો. કેવી જોરદાર સ્ટોરી બનત!” પપ્પાએ મને એક જોરદાર લાફો મારતા મારતા બચ્યો અને બોલ્યા, “મૂવા, તને ભણાવવા માટે આટલી મિલકત ઊભી કરી અને તારે હવે ફૂટપાથ પર જવું છે?”

મને સમજાયું કે ભારતમાં ‘ગરીબી’ પણ એક ક્વોલિફિકેશન છે. પેલા ૭૦ ટકા લાવનારા પ્લમ્બરના દીકરાને પત્રકાર પૂછતો હતો, “તમે ભવિષ્યમાં શું બનવા માંગો છો?” પેલાએ કીધું “એન્જિનિયર”. પત્રકારે તરત જ લાઈવ રિર્પોટિંગ ચાલુ કર્યું, “જુઓ દર્શકો, પ્લમ્બરનો પુત્ર પાઈપ લાઈન સુધારતા સુધારતા હવે દેશનું ભવિષ્ય સુધારશે!” અને હું અહીં ૯૬ ટકા લાવીને બેઠો હતો પણ મારો ભાવ પૂછવા કોઈ કૂતરોય નહોતું આવતું.

મને તો હવે એવો વિચાર આવે છે કે આવતા વર્ષે જો કોઈને ટોપ કરવું હોય, તો ભણવા કરતા પહેલા એક ‘ગરીબ બાપ’ ભાડે કરી લેવો જોઈએ. રિઝલ્ટ આવે એટલે પિતાને ફાટેલા કપડાં પહેરાવી, હાથમાં પાવડો કે કડીયા કામનું તગારું પકડાવીને મીડિયા સામે ઊભા કરી દેવાના. પછી જુઓ, તમારી ટકાવારી ભલે ૬૦ હોય, પણ ન્યૂઝમાં તો તમે જ છવાઈ જશો!

ખરેખર, જમાનો બદલાઈ ગયો છે. પહેલા લોકો ટકાવારી જોઈને મોંમાં આંગળા નાખી જતા, હવે લોકો પિતાનો વ્યવસાય જોઈને અહેસાસ જગાડે છે. માર્કશીટમાં માર્કસ હોવા એ બહુ સામાન્ય વાત છે, પણ જો તમારા નસીબમાં થોડીક ગરીબી અને થોડોક સંઘર્ષ હોય, તો જ તમે છાપાના પાને ‘ચમકી’ શકો. બાકી મારા જેવા ‘અમિર બાપના બેટા’ તો ભલે ને ૧૦૦ માંથી ૧૦૦ લાવે, દુનિયા તો એમ જ કહેશે, “એમાં શું? એની પાસે તો બધી સગવડ હતી!”

સાલી ગરીબી પણ શું ચીજ છે! જેની પાસે છે એને અકળાવે છે, અને જેની પાસે નથી એને છાપામાં ચમકવા માટે તડપાવે છે! ■

naranbaraiya277@gmail.com


# કૃષ્ણાવતારમ : સંસ્કૃતિ દીકરીનો અદ્દભુત અભિનય...




અમદાવાદના સાંસ્કૃતિક આકાશ હેઠળ યોજાયેલ ‘કૃષ્ણાવતારમ – ભાગ ૧ : હૃદયમ’નો પ્રીમિયર માત્ર ફિલ્મનો કાર્યક્રમ નહોતો.. એ તો ભાવ, ભક્તિ અને ભવ્યતાનો એવો મહાસંગમ હતો.જ્યાં પડદા પર કથા વહેતી હતી અને હૃદયમાં કૃષ્ણ ઉતરી રહ્યા હતાપ!સત્યભામા અભિમાન અને સમર્પણ વચ્ચે ઝૂલતું સ્ત્રીત્વનું સુવર્ણ પાત્ર સત્યભામાપ!માત્ર કૃષ્ણપ્રિયા નહીંપપણ નારીના આત્મગૌરવની અગ્નિશીખાપ! એડિસને કહ્યું છે કે “ઈશ્વર બધી જગ્યાએ પહોંચી વળતો નથી ત્યારે તેને મા નું સર્જન કર્યું છે.” દીકરી સંસ્કૃતિ સાક્ષાત દેવી શક્તિનું સ્વરૂપ છે.લેખક રામ મોરીએ સત્યભામાના પાત્રને આધુનિક સંવેદનાઓ સાથે એવી રીતે જીવંત બનાવ્યું છે કે દરેક સ્ત્રીને તેમાં પોતાનો અહેસાસ થાયપ! દીકરીનો કઠોર પરિશ્રમ અને ભારતીય કલા તાદ્રશ્ય જોવા જોવા મળી રહી છે.જે શાસ્ત્રીય ગરિમા, સૌમ્ય અભિવ્યક્તિ અને આંખોની નિર્ભાવ ભાષાથી આત્મસાત કર્યું છે,તે જોઈને લાગ્યું કે સત્યભામા માત્ર અભિનય નહીંપપણ ફરી જન્મી છે.તેના ચહેરા પરનો સ્વાભિમાન અને કૃષ્ણ પ્રત્યેનું નિઃશબ્દ સમર્પણ બંને વચ્ચેનું સંતુલન એટલું અલૌકિક હતું કે અનેક દ્રશ્યોમાં આંખો ભીની થઈ જતી હતી. કલા એ આત્મભાવથી વ્યક્ત થતી હોય છે. કઠોળ પરિશ્રમ થકી આ મુવી તૈયાર થયું છે ત્યારે તેનો યશ અને કીર્તિ માટે દીકરી સંસ્કૃતિ અભિનંદનને પાત્ર છે.મને વિશ્વાસ છે આ ફિલ્મ પછી દેશની અનેક દીકરીઓ પોતાનું કૌતુક આ રીતે વ્યક્ત કરશે દિકરી સંસ્કૃતિ અન્ય દીકરીઓ માટે પ્રેરણાનું સ્વરૂપ બનશે.સત્યભામા માં પોતાની શક્તિ શોધશે.

ખોડલધામના અધ્યક્ષ આદરણીય અનારબેન પટેલ અને શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી જયેશભાઈ પટેલની દીકરી સંસ્કૃતિ એટલે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર ‘કૃષ્ણાવતારમ’ પિક્ચર દ્વારા ધર્મ, આધ્યાત્મિકતા, ભારતીય પરંપરા, મૂલ્યો અને આદર્શોને ચરિતાર્થ કરનાર દીકરી સંસ્કૃતિ.

આ મુવી યુવા અને સાંપ્રત જીવન જીવનાર લોકોને કૃષ્ણભક્તિ સાથે જોડવાનો અનન્ય પ્રયાસ છે. આદરણીય અનારબેન અને જયેશભાઈ પટેલના ગર્ભસ્થ શ્રેષ્ઠ સંસ્કારો અને ભારતીય સંસ્કૃતિના રગેરગમાં રંગાયેલો પરિવાર છે. શ્રી જયેશભાઈ પટેલ પર્યાવરણીય ક્ષેત્રે કાર્ય કરે છે. તેમજ આદરણીય અનારબેન ખોડલધામના અધ્યક્ષ તરીકે હાલ કાર્યરત છે. દીકરીએ પોતાની સુષુપ્ત શક્તિઓ દ્વારા ૬૪ કલાઓ પૈકી કૃષ્ણાવતારમમાં શ્રેષ્ઠ અભિનય કરી બતાવ્યો છે.દીકરી સંસ્કૃતિ સત્યભામાના સ્વાભિમાનમાં ઝળહળતી કૃષ્ણચેતનાની દિવ્ય જ્યોત કળા દ્વારા વ્યક્ત કરી છે.સંસ્કૃતિના શ્વાસ બનીને યુગોના અંતરમાં ધબકતો રહે છે તેવું શ્રેષ્ઠ કાર્ય કર્યું છે.



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

મહાભારતનો કૃષ્ણ એવો જ એક અનંત અધ્યાય છે.જેને વાંચીએ તેટલો અધૂરો લાગે અને જેને સમજીએ તેટલો વિરાટ બની જાય. સમાજમાં અનેક ડાન્સ, ડિસ્કો અને ડિમાન્ડ વાળા મુવી આવે છે. જેમાં માત્ર મનોરંજન હોય છે. અહીંયા તો સંસ્કૃતિ દીકરીએ મુવીમાં જે પોતાની આંતરિક કૃષ્ણભક્તિની કલાનો આવિર્ભાવ વ્યક્ત કરેલ છે.જેનો જયઘોષ વિશ્વ ફલક ઉપર થઈ રહ્યો છે.

શ્રી અનારબેન અને જયેશભાઈ માટે તો દિપોત્સવ પર્વથી પણ વધારે આનંદનો અવસર છે.ઘંટોના નાદ વચ્ચે જ્યારે હજારો હૃદયોએ એકસાથે “કૃષ્ણ” ને પોકાર્યા ત્યારે લાગ્યું કે આકાશ પણ થોડું ઝૂકી ગયું હશેપ!રામ મોરીના શબ્દોમાં જે સંવેદના છે અને સંસ્કૃતિ જયનાના અભિનયમાં જે તેજસ્વિતા છે.સાચે જપ‘કૃષ્ણાવતારમ’સિનેમાના પડદાથી આગળ વધીને લોકમાનસમાં સંસ્કૃતિ અને ચેતનાનો નવો શંખનાદ કરશેપ!

દીકરી સંસ્કૃતિએ પાટીદાર સમાજને ગૌરવ પ્રદાન કર્યું છે ત્યારે શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટના સંપાદક તરીકે ખૂબ શુભેચ્છા પાઠવું છું. “મોરના ઈંડા ચીતરવા ના પડે” તે કહેવતને આપે સાકાર અને આકાર કરી છે. દીકરી સંસ્કૃતિ આપણા સમાજનું રત્ન છે. તેની સિદ્ધિ કર્મના સિધ્ધાંતથી વિશ્વ ફલક સુધી પહોંચે તેવી શુભકામનાઓ પાઠવું છું. ■

Mo.9825702282

# દેશમાં એપ્રિલમાં ખાદ્ય પદાર્થોના ભાવ વધતા છૂટક ફુગાવો ૩.૪૮% પર પહોંચ્યો

નવી દિલ્હી,તા.૧૨

દેશમાં સતત છઠ્ઠા મહિને ફુગાવામાં વધારો નોંધાયો છે. સરકારી આંકડા મુજબ, એપ્રિલમાં છૂટક ફુગાવો વધીને ૩.૪૮% થયો છે, જે માર્ચમાં ૩.૪૦% હતો. આ વધારા પાછળ મુખ્યત્વે ખાદ્ય પદાર્થોના ભાવ જવાબદાર છે, જેનો ફુગાવાનો દર ૪.૨૦% નોંધાયો છે. ખાસ કરીને શહેરી વિસ્તારો (૪.૧૦%)



કરતા ગ્રામીણ વિસ્તારોમાં (૪.૨૬%) મોંઘવારીની અસર વધુ જોવા મળી છે, જે ચિંતાનો વિષય છે.

દક્ષિણ ભારતના રાજ્યો ફુગાવાથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. તેલંગાણામાં છૂટક ફુગાવો ૫.૮૧% રહ્યો છે, જ્યારે કર્ણાટકમાં ખાદ્ય ફુગાવો ૬% ને વટાવી ગયો છે. જોકે, રાહતની વાત એ છે કે ફુગાવો હજુ પણ આરબીઆઈ ના ૪% ના સહનશીલતા સ્તરથી નીચે છે. નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે જો મધ્ય પૂર્વમાં ભૌગોલિક રાજકીય તણાવ લાંબો સમય ચાલશે, તો આગામી દિવસોમાં સામાન્ય જનતાના ખિસ્સા પર બોજ હજુ વધી શકે છે.

# તેલ કંપનીઓને દૈનિક રૂ.૧,૦૦૦ કરોડનું નુકસાન: પેટ્રોલિયમ મંત્રીની ગંભીર ચેતવણી

નવી દિલ્હી,તા.૧૨

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ તેલ કંપનીઓની આર્થિક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવા છતાં સ્થાનિક કિંમતો સ્થિર રહેતા સરકારી તેલ કંપનીઓને દરરોજ રૂ.૧,૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. આશંકા



છે કે જો આ સ્થિતિ ચાલુ રહેશે, તો કંપનીઓનો વાર્ષિક નફો એક જ ક્વાર્ટરમાં ધોવાઈ શકે છે.

હાલમાં તેલ કંપનીઓ પેટ્રોલ પર રૂ.૧૪, ડીઝલ પર રૂ.૪૨ અને રાંધણ ગેસ પર રૂ.૬૭૪ પ્રતિ સિલિન્ડર નુકસાન વેઠી રહી છે. જોકે, રાહતની વાત એ છે કે ભારતમાં ઈંધણની અછત નથી. સરકાર પાસે ૬૦ દિવસનો ક્રૂડ અને એલએનજી તેમજ ૪૫ દિવસનો એલપીજી ભંડાર ઉપલબ્ધ છે. મંત્રીએ જનતાને આશ્વાસન આપ્યું છે કે ઉર્જા સંરક્ષણનો અર્થ રેશનિંગ નથી, પરંતુ ભવિષ્ય માટે સજ્જ થવું છે. તેમણે લોકોને એલપીજીથી પીએનજી તરફ વળવા પણ અપીલ કરી છે.

# મુખ્યમંત્રી વિજયના ઓએસડી તરીકે જ્યોતિષી રાધન પંડિતની નિમણૂંક



ચેન્નઈ,તા.૧૨

તમિલનાડુના મુખ્યમંત્રી વિજયે તેમના અંગત જ્યોતિષી રિકી રાધન પંડિતને મુખ્યમંત્રીના ખાસ ફરજ અધિકારી (OSD) તરીકે નિયુક્ત કર્યા છે. વેટ્રીવેલે અગાઉ વિજય અને તેમની પાર્ટી TVK ની જીતની સચોટ આગાહી કરી હતી. જયલલિતા જેવા નેતાઓના પણ સલાહકાર રહી ચૂકેલા પંડિતના પ્રભાવને કારણે શપથવિધિનો સમય પણ બદલવામાં આવ્યો હતો. હવે તેઓ સરકારમાં મહત્વની રાજકીય અને વહીવટી ભૂમિકા ભજવશે.

# પાકિસ્તાને અમેરિકા સાથે વિશ્વાસઘાત કરી ઈરાની વિમાનોને આશ્રય આપ્યાનો દાવો

વોશિંગ્ટન,તા.૧૨

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે, જેમાં દાવો કરાયો છે કે પાકિસ્તાને અમેરિકાના સંભવિત હુમલાઓથી બચાવવા માટે ઈરાની વિમાનોને પોતાના એરફિલ્ડ્સ પર આશ્રય આપ્યો હતો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના યુધ્ધવિરામ પ્રસ્તાવને ફગાવી દીધો છે, ત્યારે પાકિસ્તાનના આ પગલાએ વોશિંગ્ટનમાં રોષ જગાવ્યો છે.



સીબીએસ ન્યૂઝના અહેવાલ અનુસાર, ઈરાને તેના જાસૂસી વિમાનો સહિતનો કાફલો પાકિસ્તાનના નૂરખાન એરબેઝ અને અફઘાનિસ્તાનમાં ખસેડ્યો હતો. જોકે, પાકિસ્તાની અધિકારીઓએ આ વાતને નકારી કાઢતા જણાવ્યું છે કે જાહેર સ્થળે આટલા મોટા કાફલાને છુપાવવો અશક્ય છે. આ ઘટના બાદ અમેરિકી સેનેટર લિન્ડસે ગ્રેહામે કડક પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે જો આ સત્ય હશે, તો મધ્યસ્થી તરીકે પાકિસ્તાનની ભૂમિકાનું પુનર્મૂલ્યાંકન કરવામાં આવશે. આ ઘટના પાકિસ્તાન અને અમેરિકાના સંબંધોમાં મોટી તિરાડ પાડી શકે છે.

# PM મોદીની અપીલથી ખર્ચ ઘટાડવા મહારાષ્ટ્ર સરકારે કાન્સ પ્રવાસ રદ કર્યો

મુંબઈ,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉર્જા બચત અને સરકારી ખર્ચમાં ઘટાડો કરવાની અપીલને પગલે મહારાષ્ટ્ર સરકાર એક્શન મોડમાં આવી છે.

સાંસ્કૃતિક વિભાગે આગામી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની મુલાકાત રદ કરી છે. સાંસ્કૃતિક મંત્રી આશિષ શેલારે જણાવ્યું કે, વિદેશી હૂંડિયામણ બચાવવા અને સંસાધનોના સંરક્ષણ માટે હવે પ્રતિનિધિમંડળ ફ્રાન્સ જશે નહીં. આ ઉપરાંત, ઈંધણ બચાવવા માટે અધિકારીઓને ઈ-વાહનો વાપરવા અને વધુમાં વધુ બેઠકો વર્ચ્યુઅલ (ઓનલાઈન) યોજવા સૂચના અપાઈ છે. પીએમ મોદીએ પેટ્રોલિયમ પેદાશોનો મર્યાદિત ઉપયોગ કરવા પર ભાર મૂક્યો હતો, જેથી વૈશ્વિક અસ્થિરતા વચ્ચે આર્થિક સુરક્ષા જળવાઈ રહે. જોકે, વિપક્ષ આ નિર્ણયોની વ્યવહારિકતા સામે સવાલ ઉઠાવી રહ્યો છે.

# ગોંડલમાં વીજ ધાંધિયાથી પરેશાન લોકોનો PGVCL કચેરીએ હલ્લાબોલ

ગોંડલ,તા.૧૨

ગોંડલ શહેરના સાંઢીયા પુલ પાસેની વૃંદાવન સોસાયટી-૫ ના રહીશોએ વીજ તંત્રના ધાંધિયાથી કંટાળીને આજે PGVCL કચેરીએ હલ્લાબોલ કર્યો હતો. છેલ્લા ચાર દિવસથી રાત્રે ૧૨ વાગ્યા પછી અચાનક વીજ પુરવઠો બંધ થઈ જાય છે. સતત ૫ થી ૬ કલાક સુધી લાઈટો ન આવતા રહીશોને જાગરણ કરવાનો વારો




આવ્યો છે. ૪૦ ડિગ્રીથી વધુની ગરમીમાં કલાકો સુધી પંખા અને એસી બંધ રહેતા નાના બાળકો અને બીમાર વૃધ્ધોની હાલત અત્યંત દયનીય બને છે. માત્ર વીજ કાપ જ નહીં, પરંતુ વોલ્ટેજમાં આવતી ભારે વધ-ઘટને કારણે સોસાયટીના અનેક ઘરોમાં ટીવી, ફ્રીજ અને એસી જેવા કિંમતી વીજ ઉપકરણો બળી ગયા છે, જેનાથી રહીશોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે.અગાઉ અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી ન હતી. સોસાયટીના ૧૦૦થી વધુ મહિલાઓ અને પુરુષોનું ટોળું એકત્ર થઈને સીધું જ GEB કચેરીએ પહોંચ્યું હતું.

# ગોંડલ સબજેલના કાચા કામના કેદીનું સારવાર દરમિયાન મોત

ગોંડલ,તા.૧૨

ગોંડલની સબજેલમાં બંધ એક કેદીનું અચાનક તબિયત લથડતા મોત નીપજ્યું છે. જેતપુરના રવિભાઈ લાખાભાઈ વિંઝુડા નામના ૩૧ વર્ષીય યુવાનનું હોસ્પિટલમાં મોત થતાં ચકચાર મચી હતી. આ મૃતક આરોપીની છેલ્લા ૩થી ૪ દિવસથી તબિયત નાદુરસ્ત હતી. આજે સવારે તેની સ્થિતિ



વધુ બગડતા જેલ તંત્ર દ્વારા તાત્કાલિક જેલની એમ્બ્યુલન્સ મારફતે ગોંડલની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ તપાસ માટે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં જરૂરી રિપોર્ટ્સ અને પ્રાથમિક સારવાર બાદ તેને રજા આપવામાં આવી હતી. હોસ્પિટલથી પરત આવ્યા બાદ આરોપીને જેલની બેરેકમાં મોકલવામાં આવ્યો હતો. પરંતુ, ગઈ કાલે રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ તેની તબિયત ફરીથી એકાએક લથડી હતી અને તે બેભાન થઈ ગયો હતો. આથી તેને ફરીથી એમ્બ્યુલન્સમાં ગોંડલ સિવિલ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના ડોક્ટરોએ તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. કેદીના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યો છે.

# માહિતી ખાતાના વર્ગ-૩ મંડળના હોદ્દેદારોની વરણી

**પ્રમુખ તરીકે દિપક જાદવ,મહામંત્રી ભરત ગાંગાણીની બિનહરીફ વરણી**


અમરેલી,તા.૧૨

ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળ વર્ગ-૩ની તા.૦૯-૦૫-૨૦૨૬ને શનિવારના રોજ સામાન્ય સભા મળી હતી. જેમાં ૨૦૨૬-૨૭ના વર્ષ માટે દિપક જાદવની પ્રમુખ તરીકે અને ભરત ગાંગાણીની મહામંત્રી તરીકે બિનહરિફ જાહેર કરાયા હતા. ગાંધીનગર ખાતે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષ માટે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે. તેમાં ઉપપ્રમુખ તરીકે વિક્ટર ડામોર, વિપુલ ચૌહાણ, ઉમંગ ચૌધરી અને કૌશિક ગજ્જર, સહમંત્રી તરીકે ફોરમ રાઠોડ, ખજાનચી તરીકે મોતીન્દ્ર ખત્રીની નિમણૂંક કરવામાં આવી છે.સંગઠન મંત્રી તરીકે હર્ષદ રૂપાપરા (વડી કચેરી), વિરેન્દ્રસિંહ પરમાર (સૌરાષ્ટ્ર ઝોન), વિશાલ કડિયા (મધ્ય ઝોન), નરેશ પટેલ (દક્ષિણ ઝોન), મિનેશ પટેલ (ઉત્તર ઝોન) તથા કૌશિક શીશાંગિયા (જૂનાગઢ ઝોન)ની નિમણૂંક કરવામાં આવી છે.કારોબારી સભ્યોમાં જયંતિલાલ ચૌધરી, મહેશ પટેલ, ચૈતાલી પટેલ, રાજેન્દ્રસિંહ જાડેજા, પ્રિયજીતસિંહ રાજપુત, સરફરાજ બાદી, રૂચા રાવલ, દિપીકા મકવાણા, સેજલ દવે, હિમાંશુ નાયક, અક્ષય દેસાઈ, ભાલચંદ્ર વિઝુંડા, નિતિન રથવી, વિવેક ગોહિલ, દેવરાજસિંહ ચૌહાણ, અરવિંદ ચૌધરી, જયદિપસિંહ ઝાલા, અરૂણા ડાવરા, વૃંદા જોષી અને અવની પટેલની વરણી કરવામાં આવી છે.

# તેજસ્વી તારલાનું સન્માન: લાલપુરની જલક સંઘાણીએ એસ.એસ.સી. બોર્ડમાં મેળવી ઝળહળતી સફળતા

અમરેલી,તા.૧૨

લાલપુરના નિવાસી અને આદર્શ શિક્ષક દંપતી રશ્મિનકુમાર સંઘાણી તથા ડિમ્પલબેન સોજીત્રાની લાડકી દીકરી જલક સંઘાણીએ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં પોતાની અદભૂત પ્રતિભાનો પરિચય આપ્યો છે. જલકે ૯૯.૮૭ પી.આર. અને ૯૭ ટકા જેવું ઉત્કૃષ્ટ પરિણામ મેળવીને સમગ્ર સંઘાણી પરિવાર, સોજીત્રા પરિવાર તેમજ પટેલ સમાજનું ગૌરવ વધાર્યું છે.




દીકરીની આ અપ્રતિમ સિધ્ધિ બદલ બી.આર.સી. કો-ઓર્ડિનેટર વંદનાબેન જાની તથા સમગ્ર લાલપુર બી.આર.સી. પરિવાર તરફથી તેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# ઉનાના કેસરીયા ગામે થયેલી ચોરી ભેદ ઉકેલાયો, ૪ આરોપીની ધરપકડ

ઉના,તા.૧૨

ઉના તાલુકાના કેસરીયા ગામમાં ગત ૧ મેના રોજ થયેલી મોટી ચોરીનો ભેદ ઉકેલવામાં ઉના પોલીસને સફળતા મળી છે. કેસરીયા-દીવ રોડ પર રહેતા ભાણજીભાઈ નાનુભાઈ કામલિયાનો પરિવાર જ્યારે શિમલા-મનાલીના પ્રવાસે ગયો હતો, ત્યારે તેમના બંધ ઘરને નિશાન બનાવી ચોરી કરવામાં આવી હતી. આ ઘટનામાં ગામના



જ જાણભેદુ શખ્સોએ મોકો જોઈને તિજોરીમાંથી રોકડ રકમ અને સોના-ચાંદીના કિંમતી દાગીના સહિત કુલ રૂ. ૨,૭૩,૬૦૦ની મત્તાની ચોરી કરી હતી. પોલીસે સઘન તપાસ હાથ ધરી ચાર આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની આકરી પૂછપરછ દરમિયાન જમીનમાં દાટેલો તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલા શખ્સોએ જ પરિવારની ગેરહાજરીનો લાભ ઉઠાવી આ આયોજનબદ્ધ ચોરીને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. હાલમાં ઉના પોલીસે આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી જેલ હવાલે કર્યા છે.

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટ કોર્ટ - ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૩૬/૨૦૨૬

શ્રી ભીખાભાઈ શભુંભાઈ દેસાઈ,
રહે.વાંદરવડ,
તા.ભેંસાણ, જી.જુનાગઢ, ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વાંદરવડ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી ભીખાભાઈ શભુંભાઈ દેસાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ના રોજ ગામ/ મોજે: વાંદરવડ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - વાંદરવડ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૭ મી માહે : એપ્રિલ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટ કોર્ટ - ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૩૪/૨૦૨૬

શ્રી જાવેદ સત્તાર સોલંકી,
રહે.મુળ, ઉમરાળી, તા.ભેંસાણ, જી.જુનાગઢ, હાલ રહે. મુ.હનુમાનનગર,
પોસ્ટ-શીગાવા, તા.જી.પાલઘર-૪૦૧૫૦૧ મહારાષ્ટ્રા ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ઉમરાળી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી જાવેદ સત્તાર સોલંકીનો જન્મ તા.૦૬/૧૧/૧૯૭૫ના રોજ ગામ/ મોજે: ઉમરાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ઉમરાળી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૭ મી માહે : એપ્રિલ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૩/૨૬ તા.૦૭/૦૫/૨૦૨૬

**વિવાદી :-** શ્રી મંજુલાબેન ઘનશ્યામભાઈ માવાણી,
રહે.સુરત ઠે.૫૮ તાપી દર્શન સોસાયટી વી-૨ નાના વરાછા,
સુરત-૩૯૫૦૦૬, મો.૯૯૧૩૫૬૮૦૪૯
અરજદારશ્રીના વિ.વ.શ્રી એચ.કે.પઠારિયા એડવોકેટ, લાઠી
મો.૯૮૨૪૨૬૯૯૫૧

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.ભાલવાવ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભાલવાવ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો મંજુલાબેન ભુરાભાઈ ગોરસીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ ભાલવાવ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪/૦૩/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# ગીરગઢડાના ખીલાવડ ગામે દીપડો પાંજરે પુરાતા હાશકારો

ઉના,તા.૧૨

ગીર ગઢડાના ખિલવાડ ગામે રહેતા પરસોત્તમભાઈ બાલધાના ઘરના કમ્પાઉન્ડમાં છેલ્લા ત્રણેક દિવસથી શિકારની શોધમાં એક દીપડો આંટાફેરા કરતો હતો. આ દીપડાએ બે દિવસ પૂર્વે એક વાછરડાનું મારણ પણ કર્યું હતું, વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. આખરે શિકારની લાલચે દીપડો પાંજરામાં કેદ થઈ જતાં ભયભીત ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.

## અવસાન નોંધ

**વીજપડી**

મરહુમ અમીભાઈ માનજીભાઈ બેલીમ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. તેઓ મરહૂમ પીરભાઈ માનજીભાઈ બેલીમ, બચુભાઈ માનજીભાઈ મરહૂમ કેશુભાઈમાનજીભાઈના મોટા ભાઈ મરહૂમ બાબૂભાઈ, અમીભાઈ બેલીમ કાળૂભાઈ, અમીભાઈ બેલીમ ના પીતા શ્રી થાય છે તેમજ પત્રકાર દાદૂભાઈ બેલીમના મોટા બાપૂ ત્યાં વલીભાઈ ત્યાં અલીભાઈ તેમજ રાજુભાઈના દાદા થાય છે. તેમની જીયારત જૂમ્મા મસ્જિદ વીજપડી ૧૦:૦૦કલાકે વાર ગુરુવાર, તારીખ ૧૪/૦૫/૨૦૨૬ ઔરતની તેમના નિવાસસ્થાને રાખેલ છે.

06-2026



માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ

પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજમાં મર્યાદિત સંખ્યામાં હોસ્ટેલમાં ૨૦૨૬-૨૭ માં પ્રવેશ ચાલુ છે.

માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય - આટકોટ
ધોરણ : ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ (ગુજરાતી માધ્યમ)

માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ : ૯ અને ૧૦ (ગુજરાતી માધ્યમ)



સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ

શું આપની દિકરીને **'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ'** આટકોટ માં ધોરણ ૫ થી ૮ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણ B.A., B.Com, B.C.A., B.Ed., M.Ed., A.N.M. નર્સિંગ, G.N.M.નર્સિંગ, B.Sc. નર્સિંગ, P.B.B.Sc. નર્સિંગ, કે M.Sc. નર્સિંગ. મહિલા નિવાસી સંકુલની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ? તો પાટીદાર ભવન, આટકોટ રોડ, જસદણ નો સંપર્ક કરો... વધુમાં વધુ રૂ.૨૦૦૦૦/- સુધીની વાર્ષિક સ્કોલરશીપ મેળવો.

મુળ સૌરાષ્ટ્રના પાટીદાર સમાજ કે જે ગુજરાતમાં કોઈપણ જગ્યાએ સ્થાયી થયેલ હોઈ વર્તમાન મહા ભયંકર મંદીમાં આપ પણ આર્થિક સંકડામણ ભોગવતા હોઈ આપનું સંતાન દિકરીની ઉચ્ચ કારકિર્દી બનાવવા **'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' - આટકોટ** ના મહિલા નિવાસી સંકુલ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા માંગતા હો તો અચૂક અમારો સંપર્ક કરવા વિનંતી...

**સંપર્ક કરો...**
**પાટીદાર ભવન - જસદણ.** આટકોટ રોડ, જસદણ
જી.રાજકોટ મો. ૯૭૨૫૧ ૩૮૭૯૯ / ૯૭૩૭૦ ૧૩૮૧૯
**પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ**
મો. ૯૪૨૬૯ ૬૧૧૩૨ / ૯૯૨૪૩ ૨૪૧૬૩


**શું આપની દિકરીને ગુણવત્તાયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?**

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો-એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ-૧, કલાસ-૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતં હોય.

એનો જવાબ છે કે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું" ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે
**'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'**

# રાજયમાં કાળઝાળ ગરમી યથાવત, ૯ શહેરોમાં પારો ૪૩ ડિગ્રીને પાર

અમદાવાદ,તા.૧૨



ગુજરાતમાં હાલ હીટવેવનો પ્રકોપ ચરમસીમાએ છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ચાર દિવસ સુધી ગરમીથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪.૩ ડિગ્રી નોંધાયું છે, જ્યારે સુરેન્દ્રનગર ૪૫.૫ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે. કંડલા એરપોર્ટ પર પણ પારો ૪૫.૪ ડિગ્રી સુધી પહોંચ્યો છે.

પશ્ચિમી પવનોને કારણે ગરમીમાં વધારો થયો છે. અમદાવાદ, સુરેન્દ્રનગર અને કચ્છમાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે રાજકોટ, ગાંધીનગર અને બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં 'યલો એલર્ટ' અપાયું છે. તંત્ર દ્વારા બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવા અને પૂરતું પાણી, છાશ કે પ્રવાહી લેવાની સલાહ આપવામાં આવી છે. ખાસ કરીને વૃધ્ધો, બાળકો અને સગર્ભા સ્ત્રીઓએ તકેદારી રાખવી અનિવાર્ય છે. ૧૫ મે સુધી ગરમીનો પારો ૪૫ ડિગ્રી વટાવી શકે તેવી શક્યતા છે.

# મહીસાગર જિલ્લામાં મનરેગાના ૧૨૮ કર્મચારીઓ પાંચ મહિનાથી પગાર વિહોણા

મહીસાગર,તા.૧૨



મહીસાગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કાર્યરત ૧૨૮ એપીઓ (APO) કર્મચારીઓને છેલ્લા પાંચ મહિનાથી વેતન મળ્યું નથી. 'દીવા તળે અંધારું' જેવી સ્થિતિ વચ્ચે, આર્થિક ભીંસને કારણે કર્મચારીઓ વ્યાજે પૈસા લેવા મજબૂર બન્યા છે. ગાંધીનગર સુધી રજૂઆતો કરવા છતાં તંત્ર 'ગ્રાન્ટ નથી આવી' તેમ કહી હાથ ઊંચા કરી દે છે. લાંબા સમયની ઉદાસીનતાને લીધે મધ્યમવર્ગીય પરિવારોની હાલત કફોડી બની છે અને કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# હિંમતનગરના લક્ષ્મીપુરા ગામે વીજતંત્રની બેદરકારીએ ભાઈ-બહેનનો ભોગ લીધો


હિંમતનગર,તા.૧૨



હિંમતનગરના લક્ષ્મીપુરા ગામે વીજતંત્રની ઘોર બેદરકારીના કારણે એક ખેડૂત પરિવાર પર આભ ફાટ્યું છે. ખેતરમાં લટકતો વીજ વાયર ટ્રેક્ટરને અડકી જતાં કરંટ લાગવાથી ભાઈ-બહેનનું કરુણ મોત નીપજ્યું છે. જાન્યુઆરીમાં રજૂઆત કરવા છતાં સમારકામ ન થતાં આ અકસ્માત સર્જાયો હતો. અન્ય બે લોકોનો બચાવ થયો છે, પરંતુ તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિક પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# સુરતના માંડવી પંથકમાં એક ભાઈને બચાવવા જતાં ૪ પિતરાઈ ભાઈઓનાં ડૂબી જવાથી મોત

સુરત,તા.૧૨




સુરતના માંડવી તાલુકાના વાકલ ગામમાં કાળજું કંપાવી દે તેવી ઘટના બની છે. કાકરાપાર ડેમમાં ડૂબી જવાથી એક જ પરિવારના ચાર આશાસ્પદ યુવાનોનાં કરુણ મોત નીપજ્યાં છે. ઘટનાની વિગત મુજબ, એક યુવાન પશુઓને પાણી પીવડાવવા ગયો ત્યારે પગ લપસતા પાણીમાં ગરકાવ થયો હતો. મોડી સાંજ સુધી તે પરત ન આવતા, તેને શોધવા નીકળેલા અન્ય ત્રણ પિતરાઈ ભાઈઓએ ડેમ કિનારે તેના કપડાં જોયા હતા.

ભાઈને બચાવવાની ઉતાવળમાં ત્રણેય ભાઈઓ એક પછી એક પાણીમાં કૂદી પડ્યા હતા, પરંતુ પાણી ઊંડું હોવાને કારણે ચારેય ભાઈઓ કાળનો કોળિયો બની ગયા હતા. મૃતકોની ઓળખ સાહિલ, કોશિક, ગણેશ અને પ્રવીણ ચૌધરી તરીકે થઈ છે. તરવૈયાઓએ ભારે જહેમત બાદ આજે ચારેયના મૃતદેહ બહાર કાઢ્યા છે. એકસાથે ચાર યુવાનોના મોતના સમાચારથી વાકલ ગામમાં માતમ છવાયો છે.

# અબડાસા નજીક બિનવારસી ચરસના ૧૦ પેકેટ મળી આવતા સુરક્ષા એજન્સી સતર્ક

અબડાસા,તા.૧૨



કચ્છના અબડાસા નજીક ખુડા ગામ પાસેથી મંગળવારે બિનવારસી ચરસના ૧૦ પેકેટ મળી આવ્યા હતા. કોઠારા પોલીસ અને **SOG**ની ટીમને પેટ્રોલિંગ દરમિયાન આ પેકેટો મળ્યા હતા.આ ઘટના બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. કચ્છમાં ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત્ રહેતા સુરક્ષા એજન્સીઓ માટે આ એક ચિંતાનો વિષય બન્યો છે. કચ્છ જિલ્લો આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો હોવાથી દેશ વિરોધી ગતિવિધિઓ માટે સંવેદનશીલ મનાય છે. ખાસ કરીને કચ્છનો દરિયાકાંઠો અને ક્રિક વિસ્તાર ડ્રગ્સ સ્મગલિંગ માટે વધુ સંવેદનશીલ બનતો જાય છે. વારંવાર મળી રહેલા આ પેકેટો પાછળ કયું નેટવર્ક સક્રિય છે તે શોધવા માટે સુરક્ષા એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

## રાજયમાં ૧.૧૦ લાખ કર્મચારીઓ વસ્તી ગણતરી કરશે

ગાંધીનગર,તા.૧૨

રાજ્યમાં આવતા મહિનાથી બે તબક્કામાં થનારી વસતી ગણતરી માટે પ્રથમ તબક્કામાં ૧ જૂનથી ૩૦ જૂન દરમિયાન તમામ ઘરની ગણતરી કરાશે. લોકો જાતે પણ ૧૭ મેથી ૩૧ મે સુધી સેલ્ફ એન્યુમેરેશન(જાતે માહિતી અપલોડ કરવી) કાર્ય હાથ ધરી શકશે. ગુજરાતમાં કૂલ ૧.૧૦ લાખ કર્મચારીઓ વસતી ગણતરીની કામગીરીમાં જોડાશે.

# ગુજરાતમાં કોંગ્રેસના શાસનનો અંત આવશે, રાજ્યસભા પણ હવે 'ભાજપમય' બનશે

અમદાવાદ,તા.૧૨



ગુજરાતના રાજકીય ઈતિહાસમાં એક મોટું પરિવર્તન આવવા જઈ રહ્યું છે. લોકસભા અને વિધાનસભામાં કારમા પરાજય બાદ હવે રાજ્યસભામાં પણ કોંગ્રેસનો સફાયો નિશ્ચિત મનાય છે. આગામી જૂન મહિનામાં ગુજરાતની ચાર રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે, જેમાં શક્તિસિંહ ગોહિલ સહિત ચાર સાંસદો નિવૃત્ત થઈ રહ્યા છે.

વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ ઘટીને માત્ર ૧૨ ધારાસભ્યો પર આવી ગયું છે. રાજ્યસભાની બેઠક જીતવા માટે જરૂરી મતોનું ગણિત જોતાં, કોંગ્રેસ પોતાના એક પણ ઉમેદવારને વિજયી બનાવી શકે તેમ નથી. આ સ્થિતિમાં, ૧૧ બેઠકો ધરાવતી ગુજરાતની રાજ્યસભામાં પ્રથમ વખત કોંગ્રેસનો એક પણ પ્રતિનિધિ નહીં હોય. એક સમયે અહમદ પટેલ જેવા દિગ્ગજ નેતાઓના જોરે દબદબો ધરાવતી કોંગ્રેસ માટે આ અસ્તિત્વની લડાઈ સમાન છે. આમ, આગામી દિવસોમાં ગુજરાતના સંસદીય માળખામાં કોંગ્રેસ સંપૂર્ણપણે ભૂંસાઈ જશે તેવું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે.